Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय ।
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृच्चास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मु | वीर सं. २४५१. श्रावण. आत्म सं. ३० | अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ મંગળ વિધાન—દેવગુરૂ વંદન. | ૧ | ૬- જનસમાજની સેવામાં પુસ્ત-કાલયોનો ફાળો. ... | ...૧૬ |
| ૨ ધર્મશ્રદ્ધાન અને ઉપદેશ ... | ૨ | ૭ પ્રાસંગિક સ્ફુરણ. ... | ...૧૯ |
| ૩ આશિષ સમર્પણ.... ... | ૨ | ૮ સદાચાર અથવા સત્ક્રિયા | ...૨૧ |
| ૪ નૂતન વર્ષની મંગલમય ભાવના. | ૨ | | |
| ૫ વિશ્વરચના પ્રબંધ. ... | ૧૧ | ૯ ગ્રંથાવલોકન. ... | ...૨૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જલદી મંગાવો ! નહીં તો તક ખોશો ! જલદી મંગાવો !

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

(અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી.)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્દભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટ્સ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસનસ્વોપજ્ઞ (ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય.
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
૧૨ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૩ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૧૪ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૫ શ્રી કુમારપાળ પ્રતિબોધ અનેક ઉપદેશક કથાઓ સહિત. શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ તરફથી.
૧૬ આચારોપદેશ. શેઠ હકમચંદ વલ્લભજી મોરબીનિવાસી તરફથી.
૧૭ શ્રી અજીતકાવ્ય કિરણાવળી નંબર ૯–૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ગ્રંથમાં મદદની અપેક્ષા છે.
૧૮ પંચ પ્રતિક્રમણ સૂત્ર. સામાન્ય અર્થ, ભાવાર્થ, વિશેષાર્થ અને કેટલીક બીજી નવીન હકીકતો અભ્યાસીઓને જાણવા માટે જૈન પાઠશાળામાં ખાસ ચલાલવા યોગ્ય. કિંમત રૂા. ૧–૮–૦

## આ માસમાં નવા દાખલ થયેલા સભાસદો.

૧ શેઠ કેશવલાલ મગનલાલ ઠાકરશી અમદાવાદ. પે. વ. લાઇફ મેમ્બર.
૨ શેઠ ભાઇચંદભાઇ અમુલખ મુંબઇ. બી. વ. લાઇફ મેમ્બર.
૩ સંઘવી કેશવલાલ નાગજીભાઇ સાણંદ. ,,
૪ સોની ન્યાલચંદ લક્ષ્મીચંદ બી એ એલ એલ બી—સાદરા ,,
૫ શાહ ફૂલચંદ ગોપાળજી ભાવનગર. ,,


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

किं भंते? जो गिलाणं पडियरइ से धरणो उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते? एवं वुच्चई? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ—जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २३ मुं. { वीर संवत् २४५१ श्रावण आत्म संवत् ३०. } अंक १ लो,

ॐ तत्सत् परमात्मने नमः

## मंगलविधान.

( હરિગીત )

**पंचपरमेष्टि–अर्चन—** ( १ )

" અરિહંત સિદ્ધ સૂરિશને ઉવજઝાય મુનિપદ પંચ એ ",
છે શ્રેષ્ઠ મંગલ સર્વદા સહુ દુરિતને હરનાર જે,
એ સમ **નિમિત્ત** ન અવર કો નિજ **ઉપાદાન** સુધારવા,
પ્રારંભમાં અર્ચન કરૂં ક્રમથી **પરમ પદ** પામવા.

**सद्गुरु वंदन—** ( २ )

નિજરૂપની સમઝણુ વિના સંસારમાં રઝળ્યો ઘણું,
સમઝાવતા તે સ્નેહથી ઝરણું સુધારસ પાનનું;
એવા ગુરૂ ગુણુવાન " આતમરામ " જૈન સમાજને,
અર્પિ ગયા સદ્જ્ઞાન વંદન ત્રિવિધ યોગે તેહને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सद्धर्म श्रद्धान—** ( ३ )

સ્યાદ્વાદ વાદ વિના વદે એ વાદ સર્વ વિવાદ છે,
વસ્તુ તણા નિરધારમાં એન્કાતવાદી ગમાર છે;
"શાન્તિ સમર્પે સર્વદા જે ધર્મ પ્રાણી માત્રને,"
લયલિન થા તું તેહમાં શરણે રહી સત્ શાસ્ત્રને.

**उद्देश प्रवचन—** ( ४ )

પ્રતિ વર્ષના પ્રારંભમાં ઉદ્દેશની યાદી કરૂં,
શૈલી તણે અનુસારવિધ વિધ તત્ત્વની વાની ધરૂં;
સાથે સમાજ કે દેશના હિતકારી પ્રશ્ન વિચારવા,
નૈતિક દૃષ્ટિ દાખવું સંસ્કૃતિ જૈન સુધારવા.

**आशिष समर्पण—** ( ५ )

[ સવૈયા ]

મંગલ રૂપ સુવાસિત પુષ્પે ગુંથી ગુણ માલા અભિરામ,
લાયક–લેખક–સમ્પાદક–સંગ્રાહક–ગ્રાહક ગુણી તમામ;
પહેરાવું કંઠે હું તેને શાસન દેવ પુરે સબ આશ,
" **જૈન આતમાનંદ સભા** " આશિષ સમર્પે **આત્મપ્રકાશ.**

**( વેલચંદ ધનજી. )**

# नूतन वर्षनी मंगलमय भावना.

## પ્રકાશનો પ્રવેશ.

આત્મજ્યોતિના ઉજ્જવલ રશ્મિઓવડે જૈનદર્શનનાં ઉચ્ચ તત્વોદ્વારા પાશ્ચાત્ય વિજ્ઞાનવાદ ( science ) પ્રતિ આધ્યાત્મિક પ્રકાશ પ્રસારતું, કર્મના પરિપાકથી કંટાળી ગયેલાં અને દુઃખિત જીવનોમાં આશા સંચારતું, મનુષ્યોના આત્માના ગુણસ્થાનકની પ્રગતિને માપતું, દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપ ત્રિપુટીનો સુંદર સંયોગ પ્રકટાવવાની પ્રેરણા કરતું, સકલ સૃષ્ટિના અનંત પદાર્થોમાંથી આત્મા–હું ને શોધી કાઢીને ઓળખાવતું, અને કર્મનો કર્તા–હર્તા અને ભોકતા હું છું એમ સ્વાવલંબન પૂર્વક પુરૂષાર્થ પરાયણ થવાની જાગૃતિ અર્પતું આત્માનંદ પ્રકાશ આજે ૨૩ મા વર્ષમાં પ્રવેશ કરે છે.

## કાલની કલ્પના.

વાસ્તવિક રીતે જોતાં કાલકૃત વિભાગો મનુષ્યનાજ કરેલા છે. કાલ અનાદિ અનંત રૂપે અખંડ છે. પરંતુ વર્ષોના વિભાગો એટલા માટે થયેલ છે કે જૂનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહસ્યોમાંથી મનુષ્ય પોતાના આત્મબળ વડે નવીન ભાવનાઓ મૂલસ્વરૂપની સાથે બંધબેસતી ઉપજાવી, એ વડે પોતાના જીવનમાં ગતવર્ષ કરતાં વિશેષ જાગૃતિ કરવાના પ્રસંગો ઉત્પન્ન કરી આધ્યાત્મિક સૃષ્ટિમાં પ્રગતિ કરે. આવા હેતુ પૂર્વક ગત અને નવીન વર્ષની કલ્પના થયેલી છે.

## ૨૩ ની સંજ્ઞા.

પ્રસ્તુત ૨૩ મા વર્ષની સંજ્ઞા પ્રથમ દૃષ્ટિએ જૈન દર્શનના નિશ્ચય અને વ્યવહાર રૂપ બે પ્રકારના સ્યાદ્વાદ ધર્મને, દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ શક્તિઓમાં ઓતપ્રોત થવાનું સૂચન કરે છે. એટલે કે આપણું વ્યાવહારિક વર્તન અને આત્મિક સ્થિરતા વિશુદ્ધ-શ્રદ્ધા જ્ઞાન અને સદાચારમય હોવું જ જોઇએ તોજ જૈન દર્શનમાં જન્મ લીધાનું સાર્થકય ગણાય, તેમજ બીજી દૃષ્ટિએ ૨૩ મા તીર્થંકર ' **પુરસાદાણી શ્રી પાર્શ્વનાથજી** ' નું મંગલમય નામ સ્મરણ ગોચર કરાવી એ મહાન પુરૂષ પણ આપણા જેવાજ મનુષ્ય હતા અને આત્માની પૂર્ણ સ્વતંત્રતા તેમણે કેવી રીતે પ્રાપ્ત કરી તેનું ઉપયોગી દૃષ્ટાંત સમર્થન કરવા સૂચવેછે.

## સામાજિક પરિસ્થિતિ.

ગત વર્ષનું સિંહાવલોકન કરતાં આપણી સામાજીક પરિસ્થિતિની ઉચ્ચતાનું પ્રમાણ વધવા પામ્યું નથી. મુંબઈમાં જૈન આગેવાનોએ કન્વેન્શન બોલાવી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને સજીવન કરવા પ્રયાસ આદર્યો છે તે સ્તુત્ય છે; તેમજ હવે પછી કોન્ફરન્સના વાજિત્ર તરીકે માસિક પુનર્જીવન કરવાનો નિશ્ચય કર્યો છે તે પણ પ્રશસ્ય છે; પરંતુ જૈન સમાજના છુટાં છવાયાં મંડળો, સંઘો, તેમજ મુનિ મહારાજો કોન્ફરન્સને અનુરૂપ કેમ થાય તેનો પ્રયાસ થવાની ખાસ અવશ્યકતા છે. કેમકે મોટે ભાગે જૈનોનું બળ જુદી જુદી સમાજોમાં વહેંચાઈ જતું હોવાથી અખંડતા પ્રકટી શકતી નથી. જેથી કોન્ફરન્સે સામાજીક સિદ્ધાંતો સામાન્ય રીતે સર્વ દેશીય અનુકૂળ થાય તેવાંજ ગૃહણ કરી, સંપની વૃદ્ધિ કેમ ટકે તે વિચારીને શરૂ કરવાની આવશ્યકતા છે. ગતવર્ષ વ્યાપારની મંદીનું પસાર થયેલું છે. અનેક બજારના વ્યાપારની ઉથલપાથલથી અને લડાઈના પ્રભાવે એકદમ શ્રીમંત થઇ ગયેલા મનુષ્યોએ ભાવો રસાતાળ જવાથી કફોડી સ્થિતિ પ્રાપ્ત કરેલી છે. લડાઇના ટાઈમની કમાણી લડાઇ જેટલાંજ પાછળનાં વર્ષોમાં ખતમ થઇ ગઈ છે એટલુંજ નહિ પણ ઘણી ઘરોને તાણી ગઇ છે.

## ધાર્મિક પરિસ્થિતિ.

ધર્મપૂર્વક અર્થ અને કામની સાધના કરવામાં આવે તોજ એ પુરૂષાર્થો સ્વરૂપસિદ્ધ હોઇ શકે છે; અત્યારે વિલાસ ભાવનાનું બળ એટલા બધા પ્રમાણમાં છે કે અન્યાયોપાર્જિત ધનનાં પરિણામો ઉત્તરોત્તર આહાર વિહારમાં કેટલાં ખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાબ આવે છે તેનો વિચાર કરવાનો અવકાશ સરખો પણ પ્રાપ્ત થતો નથી. શ્રી હરિભદ્રસૂરિએ ન્યાયોપાર્જિત ધનવડે શરૂઆતમાંજ ગૃહસ્થધર્મની સ્થિરતા વર્ણવેલી છે. જીવન કલહ એટલો બધો વધી ગયો છે તેમજ લોભાભિભૂતપણું એટલું બધું વ્યાપક બની ગયું છે કે ગૃહસ્થના દ્વાદશ વ્રતોમાંથી એકાદ પણ સંપૂર્ણ રીતે પાલન કરવાનું બળ રહ્યું હોય કે કેમ તેની શંકા છે. કેમકે લોભના આત્યંતિકપણાએ પરિગ્રહપરિમાણ અને સત્યવ્રતને દૂર ધકેલી મુકેલા છે. આ પરિસ્થિતિ આપણા ધાર્મિક જીવનનો અધ:પાત જેવો તેવો કરી નથી રહી. સાત ક્ષેત્રો પૈકી એક બે ક્ષેત્રમાં પાણીનાં નળો છોડી મુકવામાં આવે અને અન્ય ક્ષેત્રોને સુકામણાં થાય એ ધાર્મિક જીવનને શોભારૂપ નથી એટલુંજ નહિ પરંતુ મૂળભૂત ક્ષેત્રોને પાણીનો અભાવ હોવાથી શાખાઓ પણ સુકાઈ જવાનો પ્રસંગ ઉપસ્થિત થતો જાય છે.

ગતે વર્ષમાં જૈન ગુરૂકુળની સ્થાપના ગુજરાનવાલામાં આચાર્ય **શ્રી વલ્લભ વિજયજી મહારાજના** ઉપદેશથી થઈ છે; એ ઘણુંજ ખુશી થવા જેવું છે, પાલીતાણા અને ગુજરાનવાલા જેવા ગુરૂકુલોની સ્થાપના પ્રત્યેક મુખ્ય શહેરોમાં થવાની જરૂર છે અને ત્યારેજ બાળકોરૂપ કુમળાં છોડોને બળ આપી ઉત્તમ ફળદાર વૃક્ષો બનાવવાથી જૈન સમાજમાં ધાર્મિક બળ વધારી શકાય અને તેઓ ભવિષ્યમાં અન્ય તમામ ક્ષેત્રોને પલ્લવિત રાખવાનો પ્રબંધ કરી શકે.

જૈનદર્શનનાં સિદ્ધાંતો એવા ઉચ્ચ છે કે જે નવી દિશાનુ' સૂચન કરી આપે છે. પરંતુ તેને વ્યવસ્થામાં મૂકી સમથ રીતે ઉપકારી થઇ પડે તેવી કક્ષામાં મુકનારની ખામી છે. **योजकस्तत्र दुर्लभः** એ વચનને સાર્થક કરનાર નિ:સ્વાર્થપણે સેવા અર્પનારા ધાર્મિક તત્વજ્ઞાની વિદ્વાનોની સંપૂર્ણ ખામી છે. ઉત્તરોત્તર કયા કયા પુસ્તકોનો અભ્યાસ કરવો તેનું ધોરણવાર માનસશાસ્ત્રને આધારે પદ્ધતિ પુર:સર સીરીઝો તૈયાર થવી જોઈએ જેથી બાળકોના મગજમાં ખીચડો એકઠો ન થતાં વ્યવસ્થિતપણે જ્ઞાનપ્રાપ્તિ દર્શનશાસ્ત્રોના તુલનાત્મક અભ્યાસ (Comparative study પૂર્વક થઇ શકે.

## દેશવિરતિ સમાજ.

દેશવિરતિ સમાજનું બીજું અધિવેશન ગત વર્ષમાં પાનસર મુકામે થયું હતું તે શુભ શરૂઆત છે; પરંતુ તેમણે કરેલા કાર્યનો આંતર વિભાગ તપાસતાં 'દેશવિરતિઓની નોંધ તૈયાર કરવી' વિગેરે ઠરાવો પ્રસ્તુત જમાનાને અનુરૂપ નથી લાગતા. જૈન સમાજમાં ઉત્તરોત્તર ક્ષીણ પામતું શ્રદ્ધાબળ કેમ વધે તેને માટે જૈન સિદ્ધાંતો અને ક્રિયાકાંડોના રહસ્યોને સંક્ષિપ્તમાં અને સીધી રીતે ગણિતના દાખલાની જેમ સમજાવતા આધુનિક શૈલિએ પુસ્તકોનો પ્રસાર કરવાના મુખ્ય પ્રયાસની જરૂર છે; તેમજ દેશવિરતિઓ પણ તાત્ત્વિક રીતે કેમ વધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે તેવો પ્રયત્ન આ સમાજદ્વારા કરવા જરૂર છે. સામાયિક, પોષધ અને પ્રતિક્રમણની ક્રિયાઓ રસમય થઇ સાધકોનું આકર્ષણ જલ્દી થાય અને તેમાં પ્રેરાય તેવી યોજનાની જરૂર જલ્દી આવી પહોંચી છે. **ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્રને સાર્થક કરવા ક્રિયાકાંડના વિભાગને સજીવન અને રસમય કરી દેવામાં છે. જૈનોમાં શ્રદ્ધાબળ અને ક્રિયાબળ શા કારણથી ઘટી ગયું છે તેનાં સૂક્ષ્મ કારણો તપાસી તેનો પ્રબંધ કરવો ઘટે છે. રહસ્યો સમજ્યા વગરનાં વ્રતોનું ઉચ્ચારણ કરવાથી અથવા પ્રતિજ્ઞાઓ લેવાથી વ્રત ગ્રહણ કરતી વખતે જેટલું મનોબળ હોય છે તેના પાલનમાં એક શતાંશ જેટલું પણ રહેતું નથી તેનું શું કારણ? કારણ એજ કે અધિકાર વિનાનું અને રહસ્યની સમજણ વગરનું વ્રતગ્રહણ; આ પરિસ્થિતિને તપાસી લઇ સમાજની નાડની ચિકિત્સા કરી ઔષધો તૈયાર કરવામાં તેમની મહત્વતા છે. અમો ઇચ્છીએ છીએ અને નમ્ર સુચના કરીયે છીયે કે પ્રસ્તુત સમાજ ભવિષ્યમાં શ્રદ્ધાબળ-જ્ઞાનબળ અને ચારિત્રબળની વૃદ્ધિ કરવા માટેના સંગીન પ્રયત્નોમાં પ્રયત્નવાન અને સાવધાન રહે.

## પ્રકીર્ણ નોંધ.

ગત વર્ષમાં મથુરાની સર્વ ધર્મ પરિષદ્‌માં જૈન દર્શન સંબંધી તત્વ નિવેદન, પૂજ્યપાદ પ્ર૦ કાંતિવિજયજી મહારાજ તરફથી થયેલી સૂચના અનુસાર લીંબડી નરેશે પોતાના રાજ્યમાં કરેલો જીવહિંસા પ્રતિબંધનો કરેલો ઠરાવ, અને લીંબડી ઠાકોર સાહેબે જિનેશ્વર પ્રતિષ્ઠા માટે બતાવેલ પ્રેમ, તેમજ મુનિ શ્રી રાજવિજયજીનો દક્ષિણમાં ગંતુર સુધી વિહાર એ બનાવો મુખ્ય છે.

## કોન્ફરન્સને સૂચના.

લાલા લજપતરાય તરફથી બહાર પડેલા 'ભારત ધર્મકા ઇતિહાસ' માં જૈન દર્શનનાં તત્વોની માન્યતા સંબંધી થયેલી ભૂલોનો પ્રતિકાર અનેક સ્થળેથી પ્રત્યુત્તર રૂપે આવેલો છે; જો કે આ સંબંધમાં લગભગ દશ વર્ષે 'એસોસીએશન ઓફ ઇંડીયા' જાગૃત થઇ છે પરંતુ લાલા લાજપતરાયને આ ભૂલોવાળી હકીકત પહોંચી હશે કે કેમ તેની શંકા છે. કેમકે તે સંબંધમાં હજી સુધી તેમના તરફથી કશો સંતોષકારક ખુલાસો મળી શકયો નથી. તેમજ મીસીસ સ્ટીવન્સે Heart of Jainism ના પુસ્તકમાં જૈન દર્શન સંબંધી માન્યતાઓનો જે જે અવળો અર્થ કરેલો છે તેના પ્રત્યુત્તરો પણ કેળવાયલા અને જૈન દર્શનનું મુદ્દાસર જ્ઞાન ધરાવનારાઓ તરફથી અપાવા જોઇએ. ખાસ કરીને અન્ય દર્શનીઓ તરફથી જે પુસ્તકો બહાર પડે તેમાં જૈન દર્શન સંબંધી જે જે માન્યતાઓ સંબંધમાં ભૂલો હોય તે તપાસનારી એક વિદ્વાન ધાર્મિક તત્વજ્ઞાન સમજનારી કમીટી કોન્ફરન્સ તરફથી મુકરર થવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રગતિનો અભાવ.

બી. એ. બેરીસ્ટર વગેરે ઉંચી ડીગ્રીની પરીક્ષા પસાર કરનાર તેમજ ધારાસભામાં પ્રવેશ કરનાર તરીકે જૈનોની સંખ્યામાં ખાસ વધારો થયો નથી તેનું કારણ જૈનો દ્રવ્યની પાછળ જેટલી પરિસ્થિતિમાં મંડ્યા રહે છે તેનો એક શતાંશ પણ ઉચ્ચ કેળવણી તરફ લક્ષ્યબિંદુ રાખતા નથી, અને કદાચ રડ્યા ખડ્યા સોલીસીટર કે બેરીસ્ટર થાય છે તો પોતાનો ધંધો સમૃદ્ધ કરવા સિવાય આત્મભોગ આપવામાં પાછળ હોય છે. તેથીજ સ્વામી રામતીર્થ કે વિવેકાનંદ જેવી વ્યકિતઓ જૈનોમાંથી પ્રકટવાને હજી ઘણાં વર્ષો જોઇશે; કે જેઓ અમેરિકા જેવા સ્થળમાં જઇ જૈનોના **अहिंसा परमो धर्मः** ના સિદ્ધાંતો સમજાવી જૈન દર્શનનો વિજયધ્વજ પરદેશમાં ફરકતો કરે.

## પદવીપ્રદાન અને ઉત્સવો.

પંજાબમાં પ્રતિષ્ઠા મહોત્સવનો અપૂર્વ પ્રસંગ તેમજ વલ્લભવિજયજી મહારાજનું આચાર્ય પદવી આરોહણ એ બે ઉત્તમ પ્રસંગો સાથે બની ગયા છે. તેમજ **પન્યાસજી શ્રી દાનવિજયજી** તથા **વાચસ્પતિ શ્રી લબ્ધિવિજયજી** અને **પન્યાસજી શ્રી મેઘવિજયજીને** પણ ગત વર્ષમાં આચાર્ય પદવી પ્રદાન થયેલું છે. આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને ગત વર્ષમાં પંજાબના શ્રી સંઘ તરફથી આવેલાં માનપત્ર અને સુવર્ણ પદક તેમનો નિઃસ્વાર્થ સમાજ સેવા અને ગુરૂભક્તિના ચિન્હ તરીકે એનાયત થવાથી તેવા ઉત્સવમાં વિશેષ વૃદ્ધિ થવા પામી છે.

## જૈન સમાજને પડેલી ખોટ.

**આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીનું** સ્વર્ગગમન એ જૈન પ્રજાને એક સાક્ષર અને કવિ જીવનની ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમની લગભગ માળાના મણકા જેટલી ૧૦૮ ગ્રંથાવલિએ તેમજ તેમનાં ભજનો અને પદ્યોએ જૈન પ્રજાને ઘણે અંશે અધ્યાત્મિક ઓળખાણ કરાવી છે, એમ કહેવામાં કશી પણ અતિશયોક્તિ ગણાશે નહિ. તે સાથે દાનવીર અને ધર્મ શ્રદ્ધાવાન મુખ્ય બે નરરત્નો **શેઠ મોતીલાલ મુળજી** તથા **શેઠ જમનાભાઇ ભગુભાઈના** મૃત્યુની નોંધ ગત વર્ષમાં બનેલા બનાવ તરીકે પ્રસ્તુત પ્રકરણમાં દિલગીરી પુરઃસર લઇએ છીએ.

## શ્રી સિદ્ધાચળજી સંબંધમાં.

પ્રસ્તુત વર્ષમાં **શ્રી સિદ્ધાચળજીનો** શ્રી પાલીતાણા રાજ્ય તરફથી નિર્ણીત થયેલ પટ્ટો આવતા વર્ષના લગભગ ફાલ્ગુન માસમાં પુરો થાય છે; તો તે પ્રસંગ ઉપસ્થિત થાય તે પહેલાં શેઠ આણંદજી કલ્યાણજીની કમીટી કેવા વિચારમાં અને નિર્ણય ઉપર આવેલ છે તે જણાયું નથી, એ દીર્ઘસૂત્રીપણાની પરિસીમા કહેવાય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ હવે તેને માટે જૈનોની સમગ્ર અખંડતાને કેળવી બનતી તાકીદે રાજ્ય સાથે સહાનુભૂતિ પૂર્વક શત્રુંજય તીર્થ સંબંધી નિર્ણય કરી લેવો ઘટિત છે કે જેથી જૈન સમાજને તીર્થયાત્રાનો પ્રસંગ ચાલે છે તેમ શાંતિ પૂર્વક ચાલુ રહે.

## લેખદર્શન.

પ્રસ્તુત માસિકે ગત વર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળીને લગભગ પંચોતેર લેખો આપેલા છે, જેમાં પચીશ પદ્ય લેખો છે, અને પચાસ ગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં લગભગ ૧૦ લેખો **સંઘવી વેલચંદ ધનજીના** છે. જેઓની કવિતાઓ રસિક અને બોધપ્રદ છે. રા. **વિહારી, જયંત** અને **પાદરાકરની** કવિતાઓ પણ સુંદર અને લાલિત્યથી ભરપૂર છે. મુનિરાજ **શ્રી દર્શનવિજયજી મહારાજનું** ચંદનબાળાની વિનતિ રૂપ પદ્ય મુનિ સૃષ્ટિમાં કવિ જીવનની વૃદ્ધિ સૂચવે છે. પૂજ્યપાદ **શ્રી વિજયવલ્લભસૂરિ** કે જેઓ સમર્થ વિદ્વાન છે તેઓ અનેક પૂજાઓ અને સ્તવનોના રચયિતા તરીકે કવિસૃષ્ટિમાં કયારનાએ ઉચ્ચ પંક્તિમાં દાખલ થઇ ગયેલા છે. તેમનું રચેલું સિદ્ધચક્રજીનું સ્તવન પણ પદ્ય વિભાગ તરીકે ગત વર્ષમાં આવેલું છે. આ સિવાય કવિ શિરોમણિ **શ્રી બુદ્ધિસાગર સૂરિનું** રચેલું સ્તવન પણ ‘ પ્રભુપ્રાર્થના ધ્યેય ’ રૂપ ગત વર્ષની પદ્ય પ્રસાદીમાં ઉમેરો થઇ ગયેલો છે; તેમજ **પી૦ એન શાહ, અમૃતલાલ માવજી** અને રા. **સુરવાડાવાળાના** પદ્યો પણ ભાવવાહી હોઇ પ્રશસ્ય છે. ગદ્ય લેખોમાં **મુનિરાજ દર્શનવિજયજી** મહારાજના વિશ્વરચના પ્રબંધનો લેખ લગભગ ૧૦ માસિકોમાં આવેલો છે. પૃથ્વીને ગોળા રૂપ માનતા પાશ્ચાત્ય સિદ્ધાંતનું જૈન દર્શનની માન્યતા અનુસાર શોધક દૃષ્ટિથી સારૂ ખંડન કરે છે, અને ગ્રેજ્યુએટોને જૈન ગણિતાનુયોગના સિદ્ધાંતની અચ્છી રૂપરેખા સમર્પે છે. એવી શોધક વૃત્તિ આપણા મુનિજનોમાંના કેટલાએ ઉત્પન્ન કરી છે ? તે વિચારતાં પ્રસ્તુત પ્રયાસ ખાસ કરીને પાશ્ચાત્ય પ્રાણીશાસ્ત્ર અને વિજ્ઞાનવાદને અભ્યાસ કરનારાઓને ભવિષ્યમાં આવકારદાયી થઇ પડશે. **શ્રીમદ્ કર્પૂરવિજયજી** મહારાજે યોગપ્રદીપનો અનુવાદ અને બોધવચનોના બે લેખો આપી પ્રસ્તુત માસિકને મુનિપ્રસાદીથી અલંકૃત કરેલું છે. ઐતિહાસિક સાહિત્યનો લેખ **મુનિશ્રી જ્ઞાનવિજયજી** મહારાજે બે માસિકોમાં પૂર્ણ કરેલો છે જે ઇતિહાસમાં રસ લેનારાઓને સુંદર માર્ગદર્શક છે અને જૈન દર્શનના પ્રાચીન ઇતિહાસને પ્રકાશમાં લાવનાર છે તેમજ લેખનશૈલી પણ પ્રશસ્ય અને સચોટ છે. **મુનિ શ્રી ન્યાયવિજયજી** મહારાજે શ્રી સ્થુલભદ્રજી સંબંધી ઉલ્લેખ હૃદયંગમ ભાષાદ્વારા વર્ણવેલો છે; આ રીતે જૈનસમાજ ઉપર ઉપકાર દૃષ્ટિએ લેખો લખવાનુ કાર્ય મુનિવર્ગમાં વિશેષ ઉત્તેજીત થવા પામ્યું છે; અને તે માસિકના નિમિત્તદ્વારા થતું જતું હોઇ ખુશી થવા જેવું છે, રા. **પાદરાકરનો** લેખ ‘ શ્રી દેવચંદ્રજી અને ગુર્જર સાહિત્ય ’ સાહિત્યની દૃષ્ટિએ ઘણોજ ઉચ્ચ છે. અને ગુજરાતી સાહિત્યદ્વારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સૃષ્ટિમાં થયેલા મુનિરત્નને સંપૂર્ણ રીતે ઓળખાવે છે; લગભગ ત્રણ માસિકમાં આ લેખ સમાપ્ત થયેલ છે. **રા. ઉત્તમચંદ લલ્લુભાઈ** ઝવેરી બી, એ, એલ એલ, બીનાં લગભગ પાંચ લેખો આવેલા છે જેમાં દુઃખ રહસ્ય, પ્રેમસ્વરૂપ અને સત્ય અને સૌંદર્ય મુખ્ય છે; આ લેખોની ભાષા શૈલી સુંદર છે, તેમજ રહસ્યથી અને વિદ્વત્તાથી ભરપૂર છે અને મનુષ્યોને વ્યવહારમાં તેમજ આધ્યાત્મિક જીવનમા ઉપયોગી છે; **રા. પ્રો૦ કે૦ શાહ**ના શિક્ષક અને શિક્ષણનો લેખ કેળવણીનું દૃષ્ટિબિંદુ બહુજ સુંદર રીતે સમજાવે છે. તે સિવાય **ન્યાય સંપન્ન વિભવ વિગેરે** બે લેખો આ સભાના સેક્રેટરીના છે. તે સુંદર શૈલીથી લખાયેલા છે. **રા. એન. બી. શાહ**નો ધાર્મિક કેળવણીની આવશ્યકતા અને જૈનોની શોચનીય સ્થિતિના બન્ને લેખો સમાજની લાંબા વખતની ઉંઘ ઉડાડી જાગૃતિમાં રહેવા સૂચવે છે તેમજ કેળવણીનું દૃષ્ટિબિંદુ ગણત્રીપૂર્વક રજુ કરે છે; તદુપરાંત શેઠ અમરચંદ તલકચંદ સીરીઝમાંથી માનવજીવન સફળ કેમ થાય? વિગેરે લગભગ ૧૫ લેખો મુનિરાજશ્રી કર્પૂરવિજયજીએ શુદ્ધ કરી મોકલાવેલ આપવામાં આવ્યા છે જે જૈનસમાજને નૈતિક, ધાર્મિક, પુરૂષાર્થ પરાયણ અને ઉદાર થવાની વિવિધ દેશીય સૂચનાઓ આપે છે. આ લેખો જૈનસમાજને ઉપયોગી હોવાથી દાખલ કરેલા છે રા. **સુધાકર**નો 'દીવાલી અને 'ભૂતકાળનાં ગૌરવો'ના બે લેખો સમાજ હૃદયને ચમકાવનારાં છે. જૈન કોન્ફરન્સ વિજયી કેવી રીતે થઈ શકે' એ લેખ **રા. પોપટલાલ ત્રિભોવનદાસ** કરાંચીવાળાનો કોન્ફરન્સને માટે ઠીક માર્ગદર્શક છે. આ સિવાય ગ્રંથાવલોકન અને વર્તમાન સમાચારના લગભગ બધા લેખો આ સભાના **સેક્રેટરી** તરફથી અપાયેલા છે. પીઠ પૃષ્ટ ઉપર જુદાં જુદાં પુસ્તકોમાંથી રહસ્ય તરીકે તારણ કરીને લગભગ ૬ લેખો આપવામાં આવ્યા છે. કે જે વાંચક વર્ગને ઉપયોગી હોઇ સન્માર્ગ દર્શક છે.

## કર્તવ્યનો સમય.

જેટલાં નયો તેટલાં વચનો છે; પરંતુ એ વચનો કરતાં કર્તવ્યની કિમ્મત અનેક ગણી વધારે છે. દાન, શીલ, તપ અને ભાવ રૂપ ચતુર્વિધ ધર્મમાં દાનની પ્રાથમિકતા સેવાધર્મની મુખ્યતાને અંગે છે. મતલબ વિચારો અને તર્કવાદો કરતાં કર્તવ્ય કરવાનો સમય આવી લાગ્યો છે; તે સમયે નીચેના પ્રશ્નો પ્રત્યેક મનુષ્યે પોતાના આત્માને પુછી લઇ અંતઃકરણનો ઉત્તર મેળવી લેવો જોઇએ અને કતર્વ્યપરાયણ થઈ જવું જોઈએ. એ પ્રશ્નો આ છે. મનુષ્ય જીવનનું કર્તવ્ય શું હોઈ શકે? પશુકોટિ કરતાં આપણી પ્રવૃત્તિ ઉચ્ચ છે કે કેમ? વ્યવહારમાં અર્થ અને કામની પાછળ ધર્મનું બળ છે કે કેમ? ધર્મ અને તેના પાલનની પાછળ આત્મબળની પ્રગતિ કેટલી છે? વિલાસભાવના અને ઈચ્છાઓ પ્રથમ કરતાં વધે છે કે ઘટે છે? ક્રોધ માન માયા અને લોભનું બળ મંદ પડતું જાય છે કે વેગવાન થતું જાય છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનદર્શનની વિશુદ્ધ ક્રિયાઓનું પાલન કરવામાં અવકાશ કેટલો લેવાય છે? પરમાત્માની ભક્તિદ્વારા આત્માની પ્રસન્નતા પ્રકટે છે ? આ સર્વ પ્રશ્નો આ વર્ષને પ્રાંતે વિચારી તેમાંથી મન વચન અને શરીરના બળવડે આચારમાં મુકી જગત્ ઉપર મનુષ્ય અને જૈન તરીકેના જન્મની સાર્થકતા કરવા સૂચવીએ છીએ.

## નવીન ભાવના અને લેખકોનો આભાર.

પ્રસ્તુત નવીન વર્ષમાં ધર્મજીવનમાં બળની પ્રગતિ થાય તેવા સુંદર શૈલીથી લેખો આપવાની ઈચ્છા રાખી છે. ખાસ કરીને ઐતિહાસિક વિભાગ પ્રાચીનતાને દર્શાવનાર અને તે ઉપર નવીન મીમાંસા માટે દિશાસૂચન કરનાર તરીકે આગળ વધારવામાં આવશે; દ્રવ્યાનુયોગાદિ ચારે અનુયોગોમાં અજવાળું પડી શકે તેવી પદ્ધતિ પુરઃસર લેખો આપવા ઈચ્છા છે. કેળવણીની પ્રગતિ અને દેવ, ગુરૂ, ધર્મ તરફની શ્રદ્ધા વિશેષ પ્રમાણમાં પ્રકટી આત્માનુભવની ઝાંખી થાય તેવા હેતુ પુરઃસર લેખો નવીન વર્ષમાં આવશે. આ અમારી ભાવનાની સફળતા સાક્ષર લેખકોના ઉપર નિર્ભર છે.

પ્રાંતે પૂજ્ય મુનિશ્રી લેખકોનો તેમજ સાક્ષર ગૃહસ્થ લેખકોનો પ્રસ્તુત પત્ર સાથેની સહાનુભૂતિ ધરાવનાર તરીકે આભાર માનીએ છીએ તેમજ નવીન વર્ષમાં અમારી ભાવનાને વિશેષ બળ મળે તેવી વિચાર પ્રણાલિકાને લંબાવી જૈન સમાજને વિશેષ ઉપકારી લેખો આપવા એમને વિનંતિ કરીએ છીએ. તેમજ **क्षणे क्षणे यन्नवतामुपैतितदेव रूपं रमणीयतायाः ।।** એ ન્યાયે નૂતન સાક્ષર મુનિરાજો તેમજ સદ્‌ગૃહસ્થોને નવીન વર્ષમાં જૈન સમાજમાં નવચેતના પૂરનારા તેમજ સામાજીક અને ધાર્મિક ઉન્નતિ પ્રાપ્ત કરાવનારા લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ.

નવીન ભાવનામાં પ્રથમ આ સભાને સ્થાપન થયા ત્રીશ વર્ષ થયાં હોવાથી તેની સ્થિતિસ્થાપકતા થયેલી હોઈને તેનો રૌપ્ય મહોત્સવ ( સીલવરજ્યુબીલી ) ઉજવવાનો નિર્ણય સભાએ કરેલો છે, તે સભાના અને સભાસદોના સુભાગ્યે તે પ્રાપ્ત થયેલ અપૂર્વ પ્રસંગ વધાવી લેવાનો છે. આવા મહોત્સવ ઉજવવા તેનો હેતુ તેની ત્રીશ વર્ષની કાર્યવાહી, સભાએ કરેલી ગુરૂભક્તિ; જ્ઞાનોદ્ધાર–સાહિત્ય પ્રચાર, સમાજસેવા વગેરેનો સંપૂર્ણ હેવાલ પ્રકટ કરવો, ભવિષ્યમાં કરવા જેવા કાર્યો જણાવવા અને સાથે દેવગુરૂ ભક્તિ કરવી વગેરે અનેક કારણો મુખ્ય છે.

બીજી આ સભાનો જે ઉદ્દેશ વિવિધ જૈન સાહિત્યનો પ્રચાર, પ્રકટન અને સસ્તું સાહિત્ય કરી બહોળા પ્રમાણમાં તેવે પ્રકારે જ્ઞાનભક્તિ કરવી તે છે. અમુક સ્થિતિ સભાને જેમ જેમ પ્રાપ્ત થતી જાય તેમ તેમ તે માટે આગળ પગલું ભરવું જોઇએ. પ્રથમ મૂળ કિંમતમાં વધારો કરી સાહિત્યપ્રચાર થતો. હાલ સાનુકૂળ કેટલાક સંયોગ પ્રાપ્ત થતાં થતાં ગુજરાતી મૂળ કિંમતે અને સંસ્કૃત અડધી કિંમતે આપવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ણય થયેલ છે. સીરીઝના ગ્રંથોની જે યોજના સભાએ કરી છે તે એવા હેતુથી કરેલી છે કે અમુક સંખ્યા સીરીઝની થતાં, ગણત્રી પ્રમાણે તે પછી કોઈપણ ગ્રંથ મુદ્દલ કિંમતથી પણ ઓછી કિંમતે આપી શકાશે, જેથી સસ્તું સાહિત્ય પ્રચારની ઉત્તમ ભાવના અને સભાનો ઉદ્દેશ વિશેષ પ્રકારે પણ પરમાત્માની કૃપાથી હવે સભા પાર પાડી શકશે.

ત્રીજી ભાવના બંને પ્રકારની કેળવણીને ઉત્તેજન આપવું એ સર્વ મનુષ્યોનું ખાસ કર્તવ્ય છે. છુટી છુટી સ્કોલરશીપો અને મદદ તો સર્વ સ્થળે મળે છે, તેથી જોઈએ તેવું કાર્ય થતું નથી; ત્યારે પૂર્વકાળની જેમ ગુરૂકુળ જેવા આશ્રમો સ્થાપી ત્યાં સામાન્ય (સ્કુલનું) અને ધાર્મિક શિક્ષણ સાથે આપી શકાય, આચાર વિચાર અને સંસ્કાર ઉત્તમ બને તેવું શિક્ષણ અપાય તેને માટે પ્રયત્નો થવા જોઈએ. બીજું સ્કુલની ઉંચી કેળવણી લેવાય અને સાથે અનેક પ્રકારના ઉદ્યોગ હુન્નરનું જ્ઞાન મેળવવા પાશ્ચાત્ય દેશમાં મોકલી તે પ્રાપ્ત કરી, પોતાનું અને સમાજ કે દેશની શિક્ષણ સેવા કરે તેવા વિદ્યાર્થીઓને ચુંટી કાઢી તે માટે સ્કોલરશીપો વગેરેથી મદદ આપી તૈયાર કરવા; આ બે કર્તવ્યો હાલ શિક્ષણ માટે ઉપયોગી છે. એટલું તો ચોક્કસ છે કે હાલની સ્કુલમાં જ્યાં ધાર્મિક કેળવણી આપી શકાતી નથી ત્યાં જૈન બાળકોને એકલી શુષ્ક સ્કુલ કેળવણી શું કામની ? માટે ધાર્મિક કેળવણી સાથે આપી શકાય તેવી સ્કુલો જૈન કોમ ન કરે ત્યાં સુધી તે કામનું નથી; માટે ઉપરના બે પ્રકારે શિક્ષણને ઉત્તેજન આપવાની જરૂરીયાત પણ આ સભા સ્વીકારે છે; ઈચ્છા ધરાવે છે. અમુક સ્થિતિ પ્રાપ્ત થતાં તે માટે આ સભાના સેક્રેટરી તેવી યોજના સભા પાસે રજુ કરવા ધારે છે.

## અંતિમ પ્રાર્થના.

ઉપસંહારમાં ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજી મહારાજ અને ઉપસર્ગ હરનારા તેમના અધિષ્ઠાયક પાર્શ્વયક્ષનું મંગલમય સ્મરણ કરી નવીન વર્ષમાં તેઓ પ્રસ્તુત પત્રના વાંચકો માટે એવું સાહિત્ય ઉપજાવે કે જે વાચકનાં જીવનોમાં રસપૂર્તિ કરે, નેત્રોમાં જ્ઞાન જ્યોતિ ભરે, બુદ્ધિમાં વિવેક પૂરે, હૃદયમાં શ્રદ્ધાનો ભંડાર ભરે, સમસ્ત જીવનનો પરમાત્મા સાથે અભેદ કરાવે અને મૂર્તિમાન આત્મિક આનંદ ઉત્પન્ન કરી નવચેતના પ્રકટાવે એ મંગલમય પ્રાર્થના સાથે નીચેનો સ્તુતિ–શ્લોક આલેખી વિરમીએ છીએ.

भोगी यदालोकनतोऽपि योगी । बभूव पातालपदे नियोगी ॥
कल्याणकारी दुरितापहारी । दशावतारी वरदः स पार्श्वः ॥

ॐ शांतिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન ૯ મું

હવે આપણે જાણી શકયા કે પૃથ્વી સ્થિર છે જેથી મૂળ વાતને હાથ ધરીએ પ્રથમ, પ્રશ્ન થશે કે પૃથ્વી શેના આધારે રહેલી છે તો તે પણ ટુંકમાં સમજી લઈએ. કોઈ વિદ્યાધર કે વિમાનવાળો માણસ પોતાના વિમાનને ગામમાં, ઘરોમાં, મોલે મોલે કે નેવે નેવે ચલાવવા ધારે તો ચલાવી શકશે નહિ. કારણ કે આ હવા ઘણી પાતળી છે, જેથી અમુક હદે તીર્છા થઈ ઉંચી થઈ ઘટ્ટ હવા પામીને પોતાના વિમાનને ચલાવી શકશે. પક્ષીઓ પણ અમુક હદે ઉંચે જઇ સિદ્ધા ચાલે છે, પતંગ પણ અમુક હદે ગયા પછી એકદમ લટતી નથી, તો આથી જાણી શકયા કે અહિં **તન** ( પાતળો ) વાયુ છે, તેથી ઉંચે જઈએ તેમ તેમ **ઘનવાયુ** ( કઠણવાયુ ) હોય છે જે ઘટ્ટ વાયુ વિમાન વિગેરેને ટકાવવાને શકિતમાન હોય છે.

**ગેલુસાકને બીઓટ** નામે ફ્રાંસ વિદ્વાનો ઇ. સ. ૧૮૦૪માં સુમારે ચાર માઇલ ઉપર ચડયા હતા, **તેઓ ત્યાંની સ્થીતીમાં લખે છે**–કે ત્યાંની હવા ઘણી ઠંડી હતી. કે, શીશા માહેની શાહી પણ સુકાઈ ગઇ. વળી ત્યાંની હવા એવી હતી કે પક્ષી ઉડાડયું પણ ઉડીજ ન શકયું અને અમુક હદ સુધી પત્થરની જેમ નીચે ઉતરી પડયું પછી ઉડી શકયું [૩૨] ત્યાંથી આગળ વધતાં ફેફસાં પણ ન સંગ્રહી શકે એવી ઘટ્ટ હવા આવે છે જ્યાં ગયેલ માણસને આપણી પાતળી હવા ન મળવાથી બહુ મુશ્કેલી પડે છે, જુઓ ૧૮૬૨માં ગ્લેશીયા ૭ માઈલ ઉપર ગયેલ તેને ત્યાં પવન વિના બેભાનીની અસર થઇ હતી, સને ૧૯૨૦ની ફેબ્રુઆરીમાં અમેરીકા વિમાનવીર શ્રોયેડરે ૩૩૧૩૩ ફુટ ઉંચે ચડયો હતો. જ્યારે તા. ૨૯–૯–૧૯૨૧માં લેફ્ટેનન્ટ **જે–એ–મોકરેડી** ૪૦૮૦૦ ફુટ ઉડેલ છે. તેમના મતે ટુંક મુદતમાં આકાશ પણ સુવિધા બની જશે, ( પ્રવાસી ૨૨ | ૬ ) આ સ્થાનની હવા પણ ભારે છે, અહિ વાદલ સ્થિર છે. એ પ્રમાણે પવનની ઘટ્ટતા જાડાઇ વધતા આગળ **ઘનોદધિ**— બરફ જેવું કઠણ પાણી આવે છે, તેની ઉપર ગમે તેટલો ભાર નાખીયે તો તે સ્થિર રહી શકે છે, બરફના પર્વતો જોવાથી તેની વિશેષ સાબીતી થાય છે, આ નિયમ પ્રમાણેજ જગત્ શેની ઉપર છે એના ઉત્તરમાં તન વાયુ, ઘનવાયુ, ઘનોદધિના આધારે આ જગત રહેલું છે. આ વાત બુદ્ધિગમ્ય છે, એટલુંજ નહિં પણ સર્વજ્ઞ જ્ઞાનીયો પણ તે પ્રમાણે જોઇને કહી ગયા છે. આ વાત માટે જુદા જુદા મત ભેદો જોઇએ છીએ. કારણ કે **પુરાણ** વાદીયો કહે છે કે માનુષોત્તર પર્વત પછી અલોક

+૩૨ અહિં ગુરૂત્વાકર્ષણનો વિરોધ દેખાય છે. કારણ કે તે હવાના ફેરફારને લઇને પડયું હતું. ને હવા બદલતાંજ તે ઉડવા લાગ્યુ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, મેરૂથી માનુષોત્તરપર્વત સુધી જેટલી પૃથ્વી છે તેટલીજ બહારની પણ પૃથ્વી છે, પૃથ્વીનો આયામ–વિસ્તાર આશરે ૫૦ ક્રોડ યોજન છે. તેના ચોથા ભાગે લોકાલોક ચલ છે.

તે ઉપર રહેલા **ગજો** સુંઢાવડે **પૃથ્વીને** ધરિ રાખે છે, ભગવાન પણ ત્યાં બધી સેનાથી વિંટાએલા **પૃથ્વીને** હાથો વડે ઉંચી ધરી રાખે છે. (પદ્મપુરાણભૂમિખંડ ભૂમીવર્ણન નામ ૧૩૧ અધ્યાય) વળી બીજી તરફ શેષનાગપર પૃથ્વી રહેલી જણાય છે, તેમજ કાચબાની પીઠપર પણ પૃથ્વીનું રહેઠાણ કહે છે અમૃતસાગરમાં પણ કહ્યું છે કે सर्पै वृश्चिकमेगज प्रचलति–व्यासादिभिः कथ्यते ॥

चापमीन कु लीरमेचवृर्षभे सत्यंचलेत कच्छपः ॥
युक्के कुंभधनेमृगेन्द्र मिथुने कन्यामृगे पन्नगः ॥
तेषामेकतमोयदिप्रचलति क्षोणिस्तदाकंपते ॥ १ ॥

**કુરાન** જગતને ગાયના શીંગડાપર રહેવાનું જણાવે છે, **બૈબલના** યિર્મેષાહના પ્રકરણમાં અધ્યાય ૧૦થી ૧૨ને અધ્યાય ૫૧માં કલમ ૧૫થી જણાવે છે કે યહોવાહે પોતાના સામર્થ્યથી પૃથ્વી બનાવેલી છે, પોતાને જ્ઞાને જગત ધરી રાખ્યું છે. બૈબલ ગીત શાસ્ત્રના ૨૪માં અધ્યાયમાં કહે છે કે–કેમકે તેણે સમુદ્રપર તેનો પાયો નાખ્યો છે, ને પ્રવાહો પર તેને સ્થાપિત કીધી છે. ૧૦૪માં અધ્યાયમાં કહે છે કે— પાણીપર તે પોતાના ઓરડાના **ભારવટીયા** મૂકે છે, વાદળીને તે પોતાનો રથ બનાવે છે, વાયુની પાંખોપર તે ચાલે છે. તે કદી ખસે નહિ એવો તેણે પૃથ્વીપર પાયો નાખ્યો છે. ગીત ૧૦૯–૯૦ માં તથા અહો સુયા ૧૦–૧૨–૧૪માં પણ તેવુંજ કથન છે, આ પ્રમાણે **બાઇબલની** દ્રષ્ટિએ સમુદ્રપર પૃથ્વી હોવાનું જણાવે છે. આમાં વિચારીએ તો–દિગ્ગજ–શેષનાગ–ગાય કે સમુદ્ર શાની પર છે તે કાંઇ નિશ્ચય થતો નથી, તેથી ઇંગ્રેજોએ પૃથ્વીને સૂર્યના આકર્ષણે–અદ્ધર માની છે ને તેમાં પણ સૂર્ય શેના આધારે છે એવા વિચારમાં કાંઈ સફલતા પ્રાપ્ત થતી નથી. **ભાસ્કરાચાર્ય** પણ કહે છે કે मूर्तोधर्त्ताचेद्धारित्र्यास्तदन्य स्तस्याप्यन्योप्येवमत्रानवस्था માટે આમાં સત્ય શું છે એ ભાસ્કરાચાર્ય પણ સત્ય શોધી શકેલ નથી, ને પૃથ્વી ખાલી અદ્ધર રહેલી છે એમ જણાવે છે, પણ સત્ય તો એજ છે કે પ્રથમ તન વાયુ આદિ વસ્તુઓ કહી તે ઉપરા ઉપરી રહેલ છે ને તેના પર પૃથ્વી રહેલ છે હવે પૃથ્વી કેવડી છે તે જોઈએ:

પ્રથમઃપૃથ્વીના મધ્ય ભાગમાં એક લાખ યોજન ઉંચો મેરૂ નામે પર્વત છે, તેની ચારે બાજુ આશરે અર્ધા અર્ધા લાખ યોજન સુધી દૂર જંબુ નામે મહાન દ્વીપ છે, આ જંબુદ્વીપ લાંબો પહોળો પ્રમાણાંગુલે એક લાખ યોજનનો છે, તેના મધ્ય ભાગમાં ૧૦૦૦ યોજનના વિસ્તારવાળો મેરૂ નામે પર્વત છે, તેની ઉત્તરે ને દક્ષીણે પાંચસો પાંચસો યોજનના વિસ્તારવાળા બે **ભદ્ર** વનો છે ત્યારપછી દેવ કુરૂક્ષેત્રને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર કુરૂક્ષેત્ર નામે મનુષ્યના ક્ષેત્રોને પછી **નિષધને નીલવંત** નામે પર્વતો છે, ત્યારપછી ઉત્તરને દક્ષીણમાં ક્રમે એકબીજાથી અર્ધા અર્ધા માપવાળા હરિવંશ ક્ષેત્ર, રમ્યકક્ષેત્ર, મહા હેમવંત પર્વત, રૂપીપર્વત, હેમવંતક્ષેત્ર, ઐરણ્યક્ષેત્ર, ચુલ હિમવંતપર્વત, શીખરિપર્વત, ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર રહેલા છે. તેમાં કહેલ દરેક ક્ષેત્રોમાં મનુષ્યોની વસ્તી છે, વળી નિષધને નિલવંત પર્વતની મધ્યે મેરૂના પૂર્વ પશ્ચિમ ભાગમાં મહાવિદેહક્ષેત્ર છે, તેમાં અને અંતરદ્વીપોમાં પણ મનુષ્યો રહે છે, એકદમ ઉત્તરમાં ઐરવત ક્ષેત્રને દક્ષીણમાં ભરતક્ષેત્ર છે, તે બન્ને સરખા છે ને જંબુદ્વીપનાં ૧૯૦ માં ભાગમાં પથરાયેલા છે અર્થાત કે ૫૨૬ $\frac{૬}{૧૯}$ યોજન પ્રમાણવાળા છે આ પ્રમાણે એક લાખ યોજનનો જંબુદ્વીપ જાણવો. +૩૩ ( જુઓ ચિત્ર આઠમું ) પુરાણોમાં જંબુદ્વીપ માટે નીચે પ્રમાણે અધિકાર છે.

ચક્ર જેવો જંબુદ્વિપ છે, ચારે બાજુ લવણસમુદ્રથી વિટાયેલ છે. મેરૂની દક્ષીણે, લવણોદધિની ઉત્તરે ભરતકિં પુરૂષને હરિવર્ષ નામે ત્રણ ક્ષેત્ર છે, ને આંતરે આંતરે એકેક પર્વતો છે, સમુદ્રમાં પૂર્વ પશ્ચિમે–કેતુમાલને ભદ્રશ્વવર્ષ છે, તેની મધ્યે મેરૂ નામે લાખ યોજન ઉંચો સોનાનો પર્વત છે, જેનું ઇલાવર્ષ નામે ક્ષેત્ર છે, અહિં સોનાના કાગડા હોય છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, અને વાયુ, આ મેરૂ પર્વતને નિત્ય પ્રદક્ષિણા દે છે, ત્યાં ચાર દેવોદ્યાન છે જેમાં સિદ્ધચારણો વિચરે છે. દક્ષીણને ઉત્તરનાં બંન્ને ક્ષેત્રો ધનુષ્યના આકારે છે ( જુઓ ચિત્ર ૯ મું ) + ૩૪

---

+ ૩૩ જંબુદ્વીપના મેરૂપર્વતથી ઉત્તર દક્ષીણમાં રહેલ ક્ષેત્રો પર્વતોનું નિચે **પ્રમાણે** માપ જાણવું.

| | |
|---|---|
| મેરૂપર્વત ૧૦૦૦૦૦ | રૂપીપર્વત ૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$ |
| ભદ્રવન ૫૦૦ | હેમવંતક્ષેત્ર ૧૧૦૫ $\frac{૫}{૧૯}$ |
| ભદ્રવન ૫૦૦ | અરણ્યક્ષેત્ર ૨૧૦૫ $\frac{૫}{૧૯}$ |
| દેવકુરૂક્ષેત્ર ૧૧૮૪૨ $\frac{૨}{૧૯}$ | ચુલહેમવંતપર્વત ૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$ |
| ઉત્તરકુરૂક્ષેત્ર ૧૧૮૪૨ $\frac{૨}{૧૯}$ | ભરતક્ષેત્ર ૫૨૬ $\frac{૬}{૧૯}$ |
| નીષધપર્વત ૧૬૮૪૨ | શીખરિપર્વત ૧૦૫૨ $\frac{૨}{૧૯}$ |
| નીલવંત ૧૬૮૪૨ | ઐરાવતક્ષેત્ર ૫૨૬ $\frac{૬}{૧૯}$ |
| હરિવંશક્ષેત્ર ૮૪૨૧ $\frac{૨}{૧૯}$ | **કુલ ૧૦૦૦૦૦** |
| રમ્યકક્ષેત્ર ૮૪૨૧ $\frac{૩}{૧૯}$ | |
| મહાહેમવંત ૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$ | |

આધુનિક યુરોપમાં આ ક્ષેત્રોની કલ્પના માટે માકડનેલ અને નેકિથયનની શોધો તપાસવી.

+ ૩૪ જંબુદ્વિપ जंबुद्वीप मिदंमया ॥ लक्षयोजन विस्तरं ( વિષ્ણુપુરાણ )

जंबुनाम्ना चविख्यातं, जंबुद्वीपमिदं श्रुतं ॥

लक्ष योजन विस्तार, मिदं शुभंतु भारतं ॥ १३ ॥ ( નૃસિંહપુરાણે )

મેરૂ માટે–मध्ये पृथ्वीव्याम द्रिन्द्रो, भास्यान्मेरु र्हिरण्यकः

योजनानां सहस्राणि, चतुरशीति मुछ्रितः ॥ १८ ॥

प्रविष्टः षोडशाधस्तात् ( નૃસિંહ ભૂમી ખંડ અધ્યાય ૩૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંબુદ્વીપ ફરતો લવણુ સમુદ્ર છે તેની ફરતા બીજા દ્વીપો છે, એમ આગળ બમણું બમણું માપ લેતા જવું. ( પદ્મપુરાણુ ભૂમિખંડ અધ્યાય ૧૦૧ ) ( નૃસીંહ પુરાણુ કોષ અધ્યાય ૩૦ ) આપણે હવે જે કહેશું તેમાં અને આ પુરાણુનાં સંબંધમાં કેટલીક જુદાઇ પડે છે. ભરતાદિક ક્ષેત્રો તે હિન્દુસ્તાનમાં છે એમ મનાવવા ગોલાધ્યાયમાં મહેનત થયેલ છે, પણ પદ્મપુરાણુ, વિષ્ણુપુરાણુ અને માર્કંડેયમાં કહેલા દેશોનો સંગ્રહ તે કેવી રીતે કરી શકશે, વળી સિદ્ધપુરને મેરૂ તરિકે ઓળખાવે છે, તો ત્યાં પર્વત કેમ નથી ? તેમજ ઇંગ્લાંડ આદિ વિદેશોનું તેમને જ્ઞાન નથી, તો તેની વાતને વિશ્વાસપાત્ર કેમ માની શકાય ? પ્રત્યક્ષવાદી ઇંગ્રેજો પણ

---

परिमंडलस्तयो ( भद्राश्वकेतु माल्ययोः ) र्मध्ये, मेरुःकनक पर्वतः
आदित्यतरुणाभासो, विद्रुम इवपावकः ॥
लक्षयो जन उछ्रायो ( પદ્મ પુરાણે ભૂમિખંડે ભૂગોળ વર્ણને અધ્યાય. ૧૩૦ )
સૂર્ય સુમેરૂને પ્રદક્ષિણા કરે છે ( ભાગવત સ્કંધ ૫ )
सर्वेषा मुत्तरे मेरु, र्लोकालोकश्च दक्षिणेविदुरभावा दर्कस्य, भूमलेखा गतस्यच. ॥
दक्षिणोपक्रमः सूर्यः क्षिप्तेषुरिव × × × ॥
ज्योतिषां चक्र मादाय, सततंपरिगच्छति ॥ ( મત્સ પૂરાણુ અ. ૧૦૧ )

**મેરૂ સ્થિતિ માટે જુદા જુદા મતો**—મેરૂ ગાયના પુચ્છ જેવો છે વિષ્ણુપુરાણુ. ધતુરાના ફુલ જેવો છે પદ્મપુરાણુ. ચોખંડો ભાગુરિવચન, અષ્ટ ખુંટો સાવરણુ મત, સપ્ત ખુણો અત્રિમત, સહસ્ત્રખુંટો ભૃગુમત, ગુથેલા વાળ જેવો ગાર્ગી, ગોળ અન્યમતે, ચૌખુંટો મત્સ્યપુરાણે. ( સતમત. ૯૩ )

क्षेत्रो —उत्तराकुरवोरम्यं, वर्षं हैमवतंतथा ॥
भद्राश्वकेतु मालंच, तथावर्ष मिलावृत्तं ॥
भारतंहरिवर्षंच, तथाकिं पुरुषावृतं ॥
एतान्यष्टौ तुवर्षाणि, पुष्पानि कथितानितु ( વન્હિ પુરાણે )
ઇલાવૃત, કેતુમાલ, હિરણ્ય, કુરૂ, રમ્ય, ભદ્રાશ્વ, ભરત, કિન્નર, હરિવર્ષ, ( મૃગશીર્ષ )
ભરતક્ષેત્ર—भारतस्तु जंबुद्वीपस्यनववर्षांतरगत नवमवर्षः ॥
उत्तरंयत्समुद्रस्य, हिमाद्रेश्चैव दक्षिणं ॥
वर्षंतत् भारतंनाम, भारतीयत्रसंततिः ॥
नवयोजन साहस्रो, विस्तरोस्यमहामुने !
कर्म भूमिरियं स्वर्ग, मपवर्ग च गच्छताम् ( વિષ્ણુપુરાણે અંશ, ૨. અધ્યાય. ૩ )
हिमाह्वं दक्षिणंवर्षं, भरताय ददौपिता

तस्माश्च भारतवर्षं, तस्यनाम्नि महात्मनः ( માર્કંડેય પુરાણુ ભારતખંડ વર્ણન નામો ધ્યાયઃ ૫૭. ) સમુદ્રો—क्षारोदेक्षुरसोदे सुरोदघृतो दक्षिरोदधि मंडोद शुद्धोदः सप्तसिंधवः परितः परिकल्पीताः ( માર્કંડેય, સતમત. ૨૭ ) દક્ષીણો પ્રક્રમ માટે ભાસ્કરાચાર્ય સિદ્ધાંત. શીરોમણિ ગોલાધ્યાયમાં કહે છે કે, यदिनिशाजनकः कनकाचलः । किमुतदंतरगः सनदृष्यते, उदगयन्ननुमेरु रथांशुमान्, कथमुदेतिचदक्षिणभागके ( પ્ર. સ. ૯ ) આનું ખરૂં તત્વ તેઓ સમજેલ નથી તેથી પ્રશ્નરૂપ છે, એ પ્રમાણે બીજા ઘણા દેશોનો અધિકાર ત્યાં આપ્યો છે તે જોઇ લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કબુલ કરે છે કે, નિત્ય ૨૦૦ માઈલની ઝડપે ચાલનારી ગાડીને સર્વ પૃથ્વી જોવાને ૯૮૫ વર્ષ લાગે તેમ છે, તેથી ચારગણા સમુદ્રો છે (૯૮૫×૩૬૦×૨૦૦=૪÷૩૨૦૦૦૦ માઇલ ) જંબુદ્રીપની ફરતો બે લાખ યોજનનો ચુડીની જેમ લવણુનામે ખારો સમુદ્ર છે, આ સમુદ્રમાં ૫૦૦ યોજનના લાંબા મચ્છો હોય છે, તેથી બમણો, એટલે તેની ફરતાં વલયાકારે ચાર લાખ યોજનનો ધાતકી નામે દ્વીપ છે, તેમાં પૂર્વને પશ્ચિમમાં, બે મેરૂ છે, તેમાં જંબુદ્વિપની પેઠેજ ઉત્તરને દક્ષિણના વિભાગે બે મેરૂના બબે ક્ષેત્રો અને પર્વતો છે, તે દરેક ક્ષેત્રોમાં મનુષ્યો હોય છે, તેની ફરતો આઠ લાખ યોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેનું પાણી એકદમ કાળું હોય છે, તેની ફરતો પુષ્કળ પરાવર્ત નામે દ્વિપ છે, તે દ્વીપની અધવચે ફરતો ગોળાકારે ૧૭૨૧ યોજન ઉંચો માનુષોત્તર નામે પર્વત છે, જેથી તે દ્વીપનો અર્ધો ભાગ પર્વત બહારને અર્ધો ભાગ પર્વતની અંદર રહે છે, આ કારણથી તે અર્ધપુષ્કરપરાવર્ત નામે ઓળખાય છે, તેનાં અંદરનો વિભાગ ધાતકી ખંડની પેઠે પૂર્વ પશ્ચિમના બે મેરૂના ક્ષેત્રો, પર્વતોને, નદીયોથી વિભૂષિત છે, તે ક્ષેત્રોમાં પણ મનુષ્યો રહે છે, ઉપર પ્રમાણે માનુષોત્તર પર્વતની અંદર અઢીદ્વીપ છે, તેમાં મનુષ્યોને તિર્યંચો જન્મે છે, વસે છે, ને મરે છે, તેની બહાર માત્ર તિર્યંચોજ રહે છે, ત્યાં મનુષ્યો હોતાં નથી, જેથી મનુષ્યક્ષેત્ર એ સંજ્ઞામાં અઢી દ્વીપનો સમાવેશ થાય છે, પુષ્કરાવર્ત દ્વીપની ફરતો વળી દ્વીપ છે. આ પ્રમાણે છત્રીશમા સમુદ્ર સુધીના નામો મળી શકે છે. ÷૩૫ પણ ઘણાંજ દ્વીપ સમુદ્રો છે. અર્ધરાજ લાંબો, પહોળો સ્વયંભૂરમણુ સમુદ્ર છે ને તેથી આગળ ૧૧૨૧ યોજને અલોકાકાશ છે, આ દરેક ભૂમિને મૃત્યુલોક કહેવાય છે, ને અઢીદ્વીપ મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે, આ મૃત્યુલોક લાંબો, પહોળો ૧૦ રાજ લોક છે અને ઉંચો ૧૮૦૦ યોજન છે આ આપણી સઘળી પૃથ્વીનું માપ થયું. ( તૈતરિયબ્રાહ્મણ ) ( ૨–૧૧–૧ ) વિશ્વ અનંત અપાર છે. આપણો ભરતખંડ જેમાં આપણે વસીયે છીએ તે ક્ષેત્ર જંબુદ્વીપની નીચે (જુઓ ચિત્ર ૧૦ મું) દક્ષિણે જે ભરત નામે ક્ષેત્ર કહ્યું, તેમાં પડેલો એક વિભાગ છે. તે ભરતખંડની ઉત્તરે ૧૦૦ યોજન ઉંચો હિમવાન પર્વત ને પૂર્વ પશ્ચિમ, દક્ષિણે, ક્ષારોદધિ નામે સમુદ્ર છે. તે ખંડના છ કટકા પડે છે, તેમાં દક્ષિણ ભરતાર્ધનો મધ્ય ખંડ તે આર્યખંડ કહેવાય છે. આપણે જેજે દેશો જોઇએ છીએ તે

---

+૩૫ મળતા નામો–૧ જંબુદ્વીપ, ૨ લવણોદધિ, ૩ ધાતકી, ૪ કાળો દધિ. ૫ પુસ્કરદ્વીપ. ૬ પુષ્કર સમુદ્ર ( અહીંથી દ્વીપસમુદ્રના એક સરખાં નામ છે ) ૭–૮ વારૂણી, ૯–૧૦ ક્ષીર, ૧૧ ૧૨ ઘૃત, ૧૩–૧૪ ઇક્ષુ, ૧૫–૧૬ નંદિશ્વર. ૧૭–૧૮ અરૂણ ૧૯–૨૦ વારૂણ, ૨૧–૨૨ માપવન ૨૩–૨૪ કંડ, ૨૫-૨૬ કુંડલ, ૨૭–૨૮ શંખ, ૨૯–૩૦ રૂચક, ( દિક્કુમારિનોવાસ ) ૩૧–૩૨ માભુજંગ. ૩૩–૩૪ કુશ, ૩૫–૩૬ કુચ આ પ્રમાણે રા સાગરોપમ કે પચીસકોડાકોડી પલ્યોપમનાં સમય જેટલા બમણા માપવાળા કુલ દ્વીપસમુદ્રો છે. સાગરોપમનું ગણિત આગળ જોઇ લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક દેશો તેની અંતર્ગત છે, તે એક ખંડમાંથી બીજા ખંડમાં જઇ શકાતું નથી. કોઇ દૈવીક સહાયથી પુણ્ય યોગેજ જઇ શકે છે. કોઇ સમુદ્ર માર્ગ દ્વારા આ ભરતખંડનો અંત લેવા ધારે તો તેમ પણ બની શકતું નથી. કારણકે એકદમ છેડે એવો કોઇ વિચિત્ર વાતાવરણ ભ્રામક પવન અથવા દેવ સાનિધ્ય છે કે એકદમ મગજને તથા વહાણુને ભમાવી દે છે. ભરતખંડના મધ્યભાગમાં વૈતાઢય પર્વત છે, વૈતાઢયથી દક્ષિણે ૧૧૪ ૧૧/૧૯ યોજને ૯ યોજન પહોળી વિનીતા નગરી છે ને ત્યાંથી ૧૧૪ ૧૧/૧૯ યોજને સમુદ્ર છે, હિમાલયની ઉત્તરે વિનિતાનું મૂળસ્થાન છે: વિનિતા બાર યોજન લાંબીને નવ યોજન પહોળી છે, મૂળ સ્થાને શાશ્વતો સાથીયો છે ।। દક્ષીણુ ભરત જીવા ૯૭૪૮ ૧૨/૧૯ ધનુ ૯૭૬૬ યોજન છે અને ઉત્તર દક્ષિણુમાં ઉત્તર ભરતાર્ધ ૨૩૮ ૩/૧૯ યોજન વૈતાઢય, પર્વત ૫૦ યોજન, દક્ષિણુ ભરતાર્ધનો પ્રથમ ખંડ ૧૧૪ ૧૧/૧૯ યોજન છે, વિનિતા નગરી ૯ યોજન અને દક્ષિણુ ભરતાર્ધનો બીજો ખંડ ૧૧૪ ૧૧/૧૯ યોજન છે. વિનિતા પાસે અષ્ટાપદ પર્વત છે ત્યાં નિરંતર દેવો આવ્યા કરે છે. હિમાલયમાં ઘણે દૂર જનારા પુરૂષો અષ્ટાપદના દૈવી ગાયનો (?) સાંભળે છે એમ એકવાર સાંજવર્તમાનમાં હતું, વળી જગન્નાથપુરીના યાત્રિકો ખુલ્લી દિશાઓ હોતાં હિમાલયમાં એક કિલ્લાના આકાર જુવે છે અને તેને "પરમેશ્વરનો કોટ" માની નમસ્કાર કરે છે, કદાચ આ સ્થાન અષ્ટાપદ હોય એમ સંભવે છે આ માટે વિશેષ શોધખોળ કરવાની આવશ્યકતા છે.

વિનિતા અને લવણુ સમુદ્રની મધ્યમાં શત્રુંજય પર્વત છે. ચાલુ—

# જનસમાજની સેવામાં પુસ્તકાલયોનો ફાળો.

( લેખક:—નરોતમદાસ બી. શાહ. )

ચાલુ જમાનામાં મનુષ્ય જાતને દરેક જાતના સુખના સાધનો પુરા પાડવામાં આવે તે સેવાધર્મ ગણુવામાં આવે છે ત્યારે એક પુસ્તકાલય અથવા વાંચનાલયના લાભો સમજાવવા અને પ્રજાને તેને લગતા સાધનો પુરા પાડવા તે પણુ એક જાતની મનુષ્યજાત પ્રત્યે ઉત્તમ સેવા છે તેમાં અતિશયોક્તિ પણુ નથી. પશુ અને મનુષ્ય વચ્ચેના તફાવતને અંગે વિચાર કરવામાં આવે તો માલુમ પડશે કે મનુષ્ય જાતમાં કુદરતી રીતે વિચાર કરવાની શક્તિ જે બક્ષવામાં આવેલ છે તેટલેજ દરજ્જે મનુષ્ય અને પશુ વચ્ચેનો ભિન્નભાવ દૃષ્ટિગોચર થાય છે. આવી જાતની વિચારશક્તિને, કેળવણી પછી તે ધાર્મિક હોય કે વ્યવહારીક—મારફતે ખીલવવાને અને તેનો સદુપયોગ કરવાને, મનુષ્ય જાતની દરેકની ફરજ છે. આવી ફરજ બજાવવા સારૂ સારામાં સારા વાંચનની જરૂર છે. આવા વાંચનના સાધનો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મહાન પુરૂષોના ચરિત્રો તથા ઉત્તમ લેખો અને પુસ્તકોજ પુરા પાડે છે. આવું ઉત્તમ વાંચન મેળવવા સારૂ દરેક મનુષ્ય કાંઈ સાધનસંપન્ન હોતો નથી. જે વખતે કેળવણીના પછાતપણા વિષે ઉલ્લેખ કરવામાં આવતો હોય તેવે વખતે વાંચનને માટે ફાજલ વખત પાડવા સારૂ ભાગ્યેજ વાંચનના રૂચિવાન મનુષ્યો જોવામાં આવે છે. તેવે વખતે વાંચન મેળવવાના સાધનો અને વાંચનાલયના ફાયદાઓ તો કયાંથી સમજાય ? છતાં જણાવવાને સંતોષ ઉપજે છે કે હાલમાં છાપવાની કળાની વૃદ્ધિ સાથે સારા સારા પુસ્તકો, જે સામાન્ય અને મધ્યમ વર્ગને વાંચવા સારૂ અલભ્ય હોય છે, તે આવા પુસ્તકાલયો મારફતે સહેલાઈથી મેળવી શકાય છે અને વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવાની લાલસા હાલના જમાનામાં જે મનુષ્યોમાં હોય છે તેની તૃપ્તિ કરવા સારૂ વાંચનાલય એક ઉત્તમ અને ઉપયોગી સંસ્થા છે, વળી ' પુસ્તકો ' જે મનુષ્યજાતના જડ મિત્ર તરીકે ગણાય છે તે પણ મિત્રાચારીનો પ્રસાર ચારે બાજુએ થવાથી મનુષ્ય જીવનને ઉંચ કોટિએ પહોંચાડવા સારૂ અનંત સુખ ઉપજાવે છે. તેટલા માટે દરેક ગામેગામ આવા ઉપયોગી ખાતાની જરૂરીયાત સ્વીકારવી જોઇએ, પણ ખેદની વાત તો એ છે કે આ જગતના પરમાર્થના કાર્યમાં રસ લેનારા સેવાવૃત્તિવાળા મનુષ્યો બહુજ ઓછા પ્રમાણમાં મળે છે. શહેરોમાં પણ જોઈએ તેવી સગવડતાવાળા પુસ્તકાલયો આંગળીના વેઢા ઉપર ગણી શકાય તેવા ભાગ્યેજ જોવામાં આવે છે, તો ગામડાઓમાં તો તે તરફ ભાગ્યેજ લક્ષમાં આપવામાં આવે તે નિઃસંશય વાત છે. મનુષ્યજાતિ ઉપર ઉપકાર કરવા સારૂ પુસ્તકાલયો અને વાંચનાલયો એક ઉત્તમ સેવા બજાવનાર ખાતાંઓ છે અને આવી જાતના ખાતાં ઉભા કરવામાં જનહિતૈષી પોતાની તમામ જાતની સેવાઓ–મન, તન અને ધનની–અર્પણ કરે છે; અને પોતાના શહેરના સાર્વજનિક ખાતાઓમાં આ ખાતું પણ એક અલંકાર સમાન ગણે છે અને કુદરતે જેમ " પાણી ને હવા " મનુષ્યજાતના સુખ સારૂ કાંઈપણ બદલો લીધા વગર ઉપકારાર્થે બક્ષ્યાં છે તેમ પુસ્તકો પણ " હવા અને પાણીની માફક " છુટથી વાંચવા મળે તેવી જાતનાં સાધનો ઉભા કરવામાં એક ઉત્તમ શહેરી પોતાની ઉમદા ફરજ સમજે છે. હીંદુસ્તાનમાં નામદાર ગાયકવાડ સરકારે પોતાના રાજ્યના તમામ ગામોમાં પુસ્તકાલયોની શાખાઓ ખોલી ખરેખર જનસમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે, અને આવી જાતની પ્રવૃત્તિ તરફ હજુ શ્રીમંત વર્ગનું ધ્યાન ખેંચાણું નથી તે અજાયબ થવા જેવું છે. પારસી જેવી ન્હાની કોમ આધુનિક કેળવણીમાં આગલ વધેલ હોવાથી તેમના ધર્માદા દવાખાના, હોસ્પીટલો, સ્કુલો અને આવા પુસ્તકાલયો માટે લાખોની સખાવતો કરે છે, ત્યારે જૈન કોમ લક્ષ્મીના પુત્ર તરીકે ગણાતી હોવા છતાં પોતાનું દ્રવ્ય બીજે રસ્તે જેટલું વાપરે છે, તેટલું આવી જાતના હિતના કાર્ય માટે ભાગ્યેજ વાપરતા હોય તેમ નજરે પડે છે. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકાલયો પણ એક જરૂરી ચીજ તરીકે ગણાતી હોઇને ધર્મ તથા દેશનો ઉદય કરવામાં આ એક ઉપયોગી સંસ્થા છે તેવું હજુ જૈનો સમજતા થયા નથી તેટલુંજ ખેદકારક છે. ખુદ મુંબઇ શહેરનો દાખલો લઇએ તો મુંબઇ શહેરમાં ફક્ત એકજ સેન્ટ્રલ લાઇબ્રેરી છે તે સિવાય આખા હિંદુસ્તાનમાં જ્યાં હજારો જૈનોની વસ્તીવાળા શહેરોમાં પણ પુસ્તકાલયના ખરા નામની ઉપમા આપી શકાય તેવા ભાગ્યેજ પ્રકાશમાં આવે તેવા જોવામાં આવે છે. કદાચ પુસ્તકોનો સંગ્રહ કરી કેટલેક ઠેકાણે કબાટો ભરી રાખી નામના પુસ્તકાલયો તથા વાંચનાલયો દૃષ્ટિગોચર થાય છે, પણ તેવી સ્થિતિમાંથી વધારે ઉન્નત સ્થિતિએ પહોંચવા સારૂ પ્રયત્નો થવાની બહુજ જરૂર છે. દરેક ભાષાના પુસ્તકો મેળવી શકાય તેવા પુસ્તકાલયોની ઘણીજ જરૂર છે, જૈનો દેરાસરો, ઉપાશ્રયો અને પાંજરાપોળોની ટીપોમાં પૈસા ભરાવવા તેમજ ઉઘરાવવા તે એક ધાર્મિક કામ ગણે છે, તો પુસ્તકાલયો માટે ટીપ કરવી તે પણ એક ધાર્મિક કાર્ય ગણાય છે એવું જૈન ભાઇઓના મગજ ઉપર ઠસાવવામાં આવે અને પુસ્તકાલયોના ફાયદા તરફ જૈન ભાઇઓનું લક્ષ ખેંચવામાં જો પ્રયત્નો કરવામાં આવે તો તે પણ એક સમાજસેવા છે તે તદ્દન વિસરી જવું જોઇતું નથી.

આ બાબત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જેવી સંસ્થાની પણ ફરજ છે કે પોતાના ઉપદેશકો મારફતે આવા પુસ્તકાલયોના લાભો અને જે જે ઠેકાણે તેની જરૂરીઆત માલુમ પડે તેવે ઠેકાણે તેને નાણા સંબંધી જરૂરીઆત પહોંચી વળવા સારૂં પુરતી મદદ આપી, આવા પુસ્તકાલયો ખોલવા સારૂ પ્રયત્નો કરવામાં આવે તે પણ વિચાર ફેલાવવા સારૂ એક ખાતાં તરીકે ગણાતા ખાતાની પણ ફરજ છે કે આવા પુસ્તકાલયો પણ તેમના કાર્યમાં સેવા બજાવવા સારૂ ભવિષ્યમાં ઉપયોગી થઇ પડશે. કારણકે મનુષ્યજાતના ઉત્તમ વિચારો કેળવવા સારૂ પણ એક ઉત્તમ ખાતું–પુસ્તકાલય છે. તે ભૂલી જવું જોઇતું નથી. પુસ્તકાલયના ફાયદાઓ સંબંધી ઘણુંજ લખી શકાય તેમ છે. પણ તેટલો અવકાશ ન હોવાથી ટુંકમાં આટલી રૂપરેખા લખી છે. મુંબઇ શહેરમાં ઘેર બેઠા વાંચન પુરા પાડવાના હેતુથી, સ્ત્રીઓને ફુરસદને વખતે નકામો વખત ગાળવા કરતા આવી જાતનો લાભ મળે તે હેતુથી સેન્ટ્રલ લાઇબ્રેરી મારફતે કોશેશ કરવા સેવકે કાંઇપણ પ્રયત્ન કર્યો હતો અને જૈન શ્રીમંતોની સહાયથી આ યોજનાને અમલમાં મુકવામાં આવેલ હતી, પણ ખેદની વાત છે કે આવી જાતના જનસેવાના કાર્યમાં પણ ઉત્સાહથી મહેનત કરી માળે માળે ફરીને આ યોજનાના ફાયદાઓ સમજાવી શકે તેવા સ્વયંસેવકો નહિ મળી શકવાથી જેટલે દરજ્જે વાંચનની રૂચિ ઉત્પન્ન કરવા પ્રયાસ કરવામાં આવ્યો હતો તે પણ નિષ્ફળ નીવડયો છે અને આશા રાખવામાં આવે છે કે જો શ્રી જૈન સ્વયંસેવક મંડળ હજુ આ યોજના તરફ લક્ષ પહોંચાડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આવી જાતની મનુષ્ય તરફના પારમાર્થિક કાર્યમાં, કાળજી રાખી જો દરેક માળે માળે ફરી મફત વાંચન પૂરી પાડવાની યોજના હાથ ધરે તો હાલમાં જે માંદાની માવજતને લગતા સાધનો પુરા પાડવાને પ્રયાસ કરવો તેટલોજ બલ્કે તેથી વધારે મહદ્ પુણ્યનું આ કાર્ય છે અને ઉત્તમ વાંચનને લીધે જો જ્ઞાન પ્રાપ્ત થશે તો કુદરતી રીતે જે સાધનોની સગવડ માટે આ મહેનત ઉઠાવવામાં આવી છે તેનો ઈશ્વરકૃપાથી લાભ લેવાની પણ જરૂરીઆત ભાગ્યે જ રહેશે. તેટલા માટે સેન્ટ્રલ લાઇબ્રેરી મારફતે મફત વાંચન પુરૂં પાડવાની યોજનાને હાથ ધરવા સારૂ શ્રી જૈન સ્વયંસેવક મંડળનું ધ્યાન ખેચું છું.

# प्रासंगिक स्फुरण.

ચૌદ પૂર્વ સુધી જ્ઞાનની ઉત્ક્રાંતિ પામેલા મનુષ્યો નિંદા અને પ્રમાદવશથી નિગોદમાં એકદમ અધમ પરિસ્થિતિમાં કેમ ઉતરી જતા હશે ? વિચારતાં જણાય છે કે વ્યવહારમાં પણ શ્રીમંત અને આબરૂદાર ગૃહસ્થ તરફથી થયેલી અનીતિ અને વ્યભિચારની શિક્ષા કાયદાના દર્ષ્ટિબિંદુથી સખ્ત જેઇલની હોય છે; ત્યાં જેઇલના તમામ કાયદાને આધીન વર્તવું પડે છે. જેમકે જેઇલનો ડ્રેસ, બેડી અને સખત હલકી મજુરી; તે પ્રસંગે તે કરોડાધિપતિ શ્રીમંત નથી; પરંતુ તે શિક્ષા ભોગવ્યા પછી જેઇલમાંથી સ્વગૃહે આવ્યા પછી.જેમ પૂર્વકાળનો શ્રીમંત બની રહે છે તેમજ ચૌદ પૂર્વધર જીવાત્માઓ પાછા પોતાની જ્ઞાનકોટિમાં આવી પહોંચે છે; દરમ્યાન કુદરતનો સંકેત અન્ય જન્મોમાં મનઃસંયમ જાણ્યે અજાણ્યે કેળવવાનો હોય છે અને તે કેળવાઇ ગયા પછી મૂળ પરિસ્થિતિ પ્રાપ્ત કરે છે.

* * * *

દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં જ્ઞાન અને ક્રિયા અંતર્ગત થાય છે. દર્શન એ શ્રદ્ધા એટલે વિશ્વાસ–સામાન્ય જ્ઞાન છે; જ્યારે જ્ઞાન એ ' વિશેષ જ્ઞાન ' છે, અને ચારિત્ર એટલે તે પ્રમાણે ક્રિયા–વર્તન છે. નદીમાં તરવાનું જ્ઞાન જાણનાર જેમ હાથ પગ હલાવ્યા વિના તરી શકતો નથી તેમજ ક્રિયા વગરનું જ્ઞાન વંધ્ય અને નિષ્ફળ નીવડે છે; પણ જેમ તરનાર મનુષ્યને નદીને પેલે પાર જવાની ઉત્કટ ઇચ્છા છે તેમ રસપૂર્વક ક્રિયા કરવામાં આવે તોજ સફળ થાય છે; ક્રિયા વગરનું જ્ઞાન તેમજ જ્ઞાન વગરની ક્રિયા એ નિષ્ફળતા જ પ્રકટાવે છે; આમ હોઇ **ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્ર સર્વાંશે સત્યસિદ્ધ ( unfragmentary truth ) છે.

* * * *

જે જે વાસનાઓને ( Temptations ) માનવ જન્મમાં પુષ્ટ કરી હોય તેના બીજો સંસ્કારરૂપે આત્મા સાથે મળી જાય છે, આથી અખિલ જન્મના સરવાળારૂપે જે સંસ્કાર રૂપે ગાઢ થયેલા હોય તદનુસાર અન્ય જન્મની યોનિ પ્રાપ્ત થાય છે. દષ્ટાંત તરીકે ક્રોધ અને અભિમાનવાળી પ્રકૃતિનું અતિશય સેવન થયેલું હોય તો સર્પ, વ્યાઘ્ર વિગેરે યોનિમાં જન્મવું પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; અત્યંત કામવાસનાને જીવનમાં ઓતપ્રોત કરેલી હોય તો શ્વાનાદિની યોનિમાં અવતરવું પડે છે; આથી જૈનદૃષ્ટિએ મિ૦ ડાર્વીનનો ઉત્ક્રાંતિક્રમ અસત્ય ઠરે છે; સર્પ અને શ્વાન અવસ્થામાં તે તે વાસનાઓના દીર્ઘ ભોગવટા પછી જ્યારે તે વાસનાઓથી મન થાકી જાય છે અથવા તે તે વાસનાઓ જ્યારે બલહીન થાય છે અથવા તેમાં અંતરાયો ઉત્પન્ન થાય છે ત્યારે આત્મજાગૃત સકામ અથવા અકામ પ્રાયશ્ચિત્તરૂપે થતી આવે છે અને પછીથી જીવાત્મા ઉચ્ચ કોટિએ ઉચ્ચ વાસનામાં મનઃસંયમપૂર્વક ચડતો આવે છે.

* * * *

કુદરત હમેશાં આત્માને ઉન્નત કરવાને માટેજ પ્રેરાએલી હોય છે; જેમ શરીરમાં એક ગુમડું થયું હોય તો તે રૂઝવવાની કુદરત તો જલદી ગતિ કર્યા કરે છે, પરંતુ મનુષ્ય જો તેને ખણ્યા કરે તો વળી મટી જતાં દિવસો વધારે લાગે છે; પરંતુ મનુષ્ય તેનો વિચાર ન કરે તો કુદરત તેમાંથી ખરાબ તત્વો કાઢી નાંખી નવું લોહી આમેજ કરે છે તેમ જીવાત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણરૂપ શુદ્ધ રૂધિર વહન કરતું હોય છે તે હમેશાં મનુષ્યને પાપમાં પ્રવૃત્તિવાળા હોય તોપણ આત્મજાગૃતિ કરી ચેતવ્યે જાય છે પરંતુ તે જ્યારે તેની દરકાર કરતો નથી પછીથી આત્મામાં ખરાબ તત્વો–કુટેવો ગાઢ થઇ જાય છે ત્યારે તેને તેની શિક્ષા ભોગવવા તૈયાર થવું જોઇએ છે.

* * * *

આત્મા અને શરીર બન્ને પરસ્પર વિરોધી વસ્તુઓ; પણ શરીર વગર આત્મધર્મ સાધી શકાતો નથી. **अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च चिंतयेत्** અથવા **शरीरमाद्यं खलु धर्म साधनं** એ સૂત્રોને ભૂલી જઇ પ્રારંભમાં જ બાલ્યાવસ્થામાં અનિત્ય ભાવનાનું જ્ઞાન આપવાની જરૂર નથી. જેમકે શરીર ક્ષણવિનાશી છે, નકામું છે એ ભાનવાળી દૃષ્ટિ બાળકમાં કેળવાયાથી ન તો શરીરબળ પ્રકટાવવાની તેને દરકાર રહે છે અને તે ન હોવાથી આત્મબળને સમૃદ્ધ થવાનો અવકાશ કયાંથી પ્રાપ્ત કરે ? આમ હોઇ અનિત્ય ભાવનાનો ઉપદેશ તે તે મનુષ્ય અધિકારી થયા પછી આપવામાં આવે તો સ્થાયી અને આત્માને ઉપકારક બને છે; રૂપી વડે અરૂપી અને દ્વૈતવડે અદ્વૈત ( monism ) નું જ્ઞાન પ્રકટ થાય છે તે નિયમાનુસાર શરીરબળની ભાવના પ્રથમ કેળવાયા પછી મનોબળ મજબૂત બને છે અને તે આત્મબળને પ્રકટાવે છે અને ચિરસ્થાયી રાખી શકે છે.

* * * *

વેદાંતનો પારિભાષિક પ્રારબ્ધ શબ્દ એ જૈનપરિભાષામાં ઉદયને અનુકૂળ થયેલું કર્મ છે અથવા કર્મફળ ચેતના છે, કર્મ એ વેદાંતની પરિભાષામાં કર્તવ્ય-કર્મ છે જ્યારે જૈન પરિભાષામાં કર્મચેતના એટલે કે ક્રિયા કરવાને તત્પર આત્મા જો તે ક્રિયા શુભ પુરૂષાર્થ હોય તો શુભ કર્મબંધ થાય અને અશુભ હોય તો અશુભ કર્મબંધ થાય; આ રીતે પ્રારબ્ધ તો અવશ્ય ભોગવવું પડે છે એટલે કે આત્મા પરતંત્ર થઇ ગયેલો છે પરંતુ નવું કર્મ કેવું કરવું તેની સત્તા આત્મસ્વાધીન હોઇ નવાં કર્મો શુભ બાંધવા કે અશુભ ? તે માટે તે સ્વતંત્ર છે.

* * * *

ઇતિહ[illegible] એ અનુભવ છે, પૂર્વની હકીકતોનું ભરતીયું અથવા શૃંખલાબદ્ધ વિગત માત્ર નથી, તે અમર યોગી જેવો છે; વર્તમાનમાં કેવી રીતે જીવવું તેમજ ભવિષ્યકાળમાં વિશુદ્ધજીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે કયાં અવલંબનો હસ્તગત કરી લેવાં એ ભૂતકાળની વિગતોના અનુભવ ઉપરથી રહસ્ય ખેંચવાનું છે: તે ઉપર આત્માની ઉત્ક્રાંતિ ( evolution ) ની તૈયારી થવા માંડે છે; એટલે કે ઇતિહાસ એ ભૂતકાલીન અનેક બનાવોના સારરૂપે છે અને તે પ્રત્યેક જીવનને કર્તવ્યાદિશામાં સંપૂર્ણરીતે માર્ગદર્શક છે,

* * * *

શરીરની ત્રણ અવસ્થાઓ બાલ્ય, યુવાન અને પ્રૌઢાવસ્થા છે તેમ આત્માની પણ ત્રણ અવસ્થાઓ છે, બાહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા–શરીરનો પલટો તે જન્મ મરણ છે, અને આત્માનો પલટો તે કુસંસ્કાર–પરિવર્તન છે. શરીરના અનંત પલટા લીધા છતાં આત્માનો એકજ પલટો સમ્યગ્દર્શન–આત્મજાગૃતિ બરાબર થાય તો જન્મમરણના પલટાઓ સત્વર બંધ થઇ જાય; આમ હોઇ આત્માના પલટાની જરૂર છે. બહિરાત્મપણાની અવસ્થામાંથી અંતરાત્મપણામાં આવવું એજ આત્માનો પલટો છે; બહિરાત્મા તે આત્મિક દૃષ્ટિએ બાલ અવસ્થા, અંતરાત્મા તે યુવાન અવસ્થા અને પરમાત્મા તે પ્રૌઢાવસ્થા–સ્થિરાવસ્થા છે; માત્ર તફાવત એ છે કે શરીરની પ્રૌઢાવસ્થા પછી દેહને વૃદ્ધાવસ્થા અને મૃત્યુને આધીન થવું પડે છે ત્યારે આત્મિક સ્થિરાવસ્થા હંમેશને માટે સ્થિર રહે છે.

* * * *

મન, વચન કાયાના બળો જબરો પ્રભાવ ધરાવે છે; મનોબળ આત્માને ક્ષણમાં પાતાળમાં તો ક્ષણમાં આકાશમાં એમ દશે દિશાઓમાં ખેંચી જઇ શકે છે; વાણીનું બળ મનુષ્યોને મારી કે જીવાડી શકે છે તેથીજ ઇતિહાસમાં અનેક રણસંગ્રામો બનવા પામ્યા છે; તેમજ શરીરબળ પણ અનેક ચમત્કૃતિઓ વિખ્યાત સેંડો' ની જેમ બતાવી આપે છે; આ ત્રણે બળો જો આત્માને અનુકૂળ–શુભ માર્ગમાં જોડાયા હોય તો તેને સંપૂર્ણ મુક્તિ અપાવે છે અને અશુભ માર્ગે જોડાયા હોય તો આત્મઘાતક નીવડે છે; જેમ વ્યવસ્થિત કરેલી વરાળ આગગાડીમાં મનુષ્યોને યથોદ્દિષ્ટ માર્ગે પહોંચાડે છે તેમજ અવ્યવસ્થિત વરાળશક્તિ મનુષ્યોને બાળી નાંખે છે; ત્રણે બળો રૂપી હોવા છતાં અરૂપી આત્મા ઉપર અનુગ્રહ કે ઉપઘાત કરી શકે છે; આમ હોઇ આ ત્રણે બળોને અધિકાર પ્રમાણે વ્યવસ્થામાં મુકવા એ મનુષ્ય જીવનનું મુખ્ય સાધ્ય છે.

ફતેહચંદ ઝવેરભાઇ.

# સદાચાર અથવા સત્ક્રિયા

( વિઠ્ઠલદાસ મૂ. શાહ. )

या साधूंश्च खलान् करोति विदुषो मूर्खान् हितान् द्वेषिणः
प्रत्यक्षं कुरुते परोक्षममृतं हालाहलं तत्क्षणात् ।
तामाराधय सत्क्रियां भगवतीं भोक्तुं फलं वांछितं
हे साधो व्यसनैर्गुणेषु विपुलेष्वास्थां वृथा मा कृथाः ॥

भर्तृहरि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મનુષ્યજીવનનું સૌથી અધિક મહત્વપૂર્ણ, ઉપયોગી, અને આવશ્યક અંગ સદાચાર છે. જીવનની શોભા સદાચારવડેજ વધે છે. અને એજ જીવનની મહત્તા તથા શ્રેષ્ઠતાનો પરિચાયક છે. વળી એટલું પણ કહેવું જોઈએ કે સદાચાર જ સંસારનો વ્યવસ્થાપક નિયમ છે, સંસારનાં બધાં સુખો, સમસ્ત ઉત્તમ બાબતો સદાચારની ઉપર જ આધાર રાખે છે. ઐહિક તેમજ પારલૌકિક બન્ને પ્રકારનાં સુખોનું સૌથી ઉત્તમ અને મહાન્ સાધન સદાચાર જ છે મનુષ્યની અંદર જે કાંઈ બળ રહેલું છે, તેમાં સૌથી શ્રેષ્ઠ ચારિત્રબળ છે, અને તેની સહાયતાથીજ મનુષ્યો સૌથી વધારે સારાં કૃત્યો કરી શકે છે. સદાચારી મનુષ્ય પોતાની પ્રામાણિકતાને લઈને લોકો ઉપર એક પ્રકારનું વશીકરણ રેડે છે; અને લોકોનાં મનમાં તેના પ્રત્યે આપોઆપ પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. સઘળા લોકો તેની વાતો પર દૃઢ વિશ્વાસ રાખે છે, તેનાં કાર્યોને આદર્શરૂપ તથા અનુકરણીય માને છે અને હમેશાં મહાન્ શ્રદ્ધાભક્તિપૂર્વક તેનું સ્મરણ કરે છે. સદાચારી મનુષ્યને લોકો દેવતાતુલ્ય માને છે; અર્થાત્ સદાચાર એક એવો ગુણ છે કે જે મનુષ્યને સંસારમાં દેવતાના સ્વરૂપે પ્રકટ કરે છે, મૃત્યુ લોકમાં સ્વર્ગીય ભાવોનો સંચાર કરે છે. તેનાં દર્શન અને ગુણગાનથી લોકોમાં અનેક સદ્‌ભાવોની જાગૃતિ થાય છે અને લોકો સત્પંથે દોરાય છે. એટલા માટેજ સમર્થ વિદ્વાનોનું મન્તવ્ય છે કે સંસારમાં જે જે શ્રેષ્ઠ, સુંદર તેમજ મનુષ્ય જાતિને કલ્યાણકર વસ્તુઓ છે, તે સર્વનો કર્તા અને રક્ષક સદાચારી મનુષ્ય છે. સંસારમાં સદાચારી મનુષ્ય ન હોત તો સંસાર નરકતુલ્યજ લાગત. આ કથનની સત્યતા એક દૃષ્ટાંતથી પ્રમાણિત કરી શકાય છે. કદાચ એક સ્થળે અસંખ્ય સદાચારી પુરૂષોને ભેગા કરી બેસાડવામાં આવે તો તેઓ સૌ કેવળ શાંતિપૂર્વક નહિ બેસે, બલ્કે પરસ્પર એક બીજાના સુખ અને કલ્યાણની વૃદ્ધિમાંજ સહાયભૂત થવા પ્રયત્નશીલ બનશે. તેઓનું મંડળ હમેશાં પરમ સુખી, સંપન્ન અને ઉન્નતિશીલ રહેશે અને તેઓમાં કોઇ પ્રકારનાં દુ:ખ, કલેશ અથવા કુભાવનો અંશ પણ જોવામાં નહિ આવે, તેઓનાં સંતાનો પણ સદાચારી બનશે, અને સર્વથા પોતાના પૂર્વજોએ બતાવેલા માર્ગપર ચાલશે. આવો સાધુ સમાજ હમેશાં સત્કાર્યોમાં જ પ્રવૃત્તિશીલ રહે છે, અને તેઓમાં કોઇ પ્રકારની બુરાઇ ઉત્પન્ન થતી નથી. હવે વધારે નહિ પણ ફક્ત સો પચાસ લુચ્ચા, બદમાશ, જુગારીઓ અથવા એવા પ્રકારના દુરાચારી લોકોને ભેગા કરી બેસાડવામાં આવે તો ત્યાં સહજ જોઇ શકાશે કે તેઓ એક બીજા સાથે તકરારમાં ઉતરશે, અનેક તરેહની માથાકુટ કરશે, અને સર્વત્ર અસંતોષ તથા દુ:ખનુંજ વાતાવરણ પ્રસરાવી મુકશે. આવો સમાજ થોડા વર્ષોમાંજ પતિત દશાને પામે છે અને પોતાનો નાશ વ્હોરી લે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંસારને સ્વર્ગ બનાવવાની શક્તિ સદાચારમાં અને નરક બનાવવાની શક્તિ દુરાચારમાં જ રહેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કારણથી જ સદાચારી મનુષ્યો પ્રત્યે આપણા મનમાં આપોઆપ શ્રદ્ધા અને પૂજ્ય-બુદ્ધિ ઉત્પન્ન થાય છે. કોઈ એક સદાચારી અને એક વિદ્વાન્ અથવા બુદ્ધિમાન પુરૂષને જોતાંવેંત તે બેમાંથી કોના પ્રત્યે આપણા મનમાં સહુથી અધિક પૂજ્યભાવની જાગૃતિ થાય છે? સ્વાભાવિક રીતે જ આપણું મન સદાચારી મનુષ્યની તરફ જ વધારે ખેંચાશે. વિદ્વાન્ અથવા બુદ્ધિમાન પુરૂષને જોઈને આપણાં મનમાં એક પ્રકારનો આનંદ જ થશે. એ કરતાં બીજું કશું વધારે થવાનો સંભવ નથી. પરંતુ સદાચારી મનુષ્ય આપણા આદર, સન્માન અને ભક્તિનો પાત્ર બને છે. રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, યુધિષ્ઠિર અને દુર્યોધન, પ્રહ્લાદ અને હિરણ્યકશ્યપ વિગેરેના સંબંધમાં લોકોનાં મનમાં જે સ્વાભાવિક શ્રદ્ધા અને ઘૃણા ઉત્પન્ન થાય છે. તેનું કારણ સદાચાર અને કદાચાર છે. બુદ્ધિ અથવા વિચાર-કૌશલ્યથી સારા તેમજ ખરાબ બન્ને પ્રકારનાં ભાવો તથા કાર્યોની ઉત્પત્તિ થઈ શકે છે. વિદ્યાની પણ એજ દશા છે. બુદ્ધિ અને વિદ્યા એ બન્નેમાં એવું બલ રહેલું છે કે જેનો શ્રેષ્ઠ ઉપયોગ પણ થઈ શકે છે; અને નિકૃષ્ટ પણ થઇ શકે છે. સદાચારના બળવડે સમાજનું કોઇ પ્રકારનું અનિષ્ટ થશે અથવા તે લોકોને કોઈ પ્રકારનું કષ્ટ પહોંચાડવામાં કારણભૂત થશે એવું આપણે સ્વપ્નમાં પણ માની શકતા નથી. એ સિવાય વિદ્યા અથવા બુદ્ધિની અપેક્ષાએ સદાચારમાં એક વિશેષતા છે. પહેલાં તો વિદ્યા અને બુદ્ધિને લોકો ઇશ્વરી બક્ષિસ માને છે અને પ્રત્યેક મનુષ્યને તેની પ્રાપ્તિ ઘણે ભાગે અસંભવિત હોય છે. કદાચ આજ કાલના ઉદ્યોગવાદીયોનો મત પણ માન્ય રાખીએ તો પણ તે કષ્ટ-સાધ્ય તો છે એ વાત નિર્વિવાદ છે. આપણે કદી એમ પણ સ્વીકારી લઇએ કે પરિશ્રમ અને ઉદ્યોગની સહાયતાથી મનુષ્ય સઘળું કરી શકે છે તો સાથોસાથ એટલું પણ સ્વીકારવું જોઈએ કે કાર્યસિદ્ધિને અર્થે અનહદ ઉદ્યોગ અને પરિશ્રમ કરવો જોઈએ. પરંતુ સદાચારમાં આવું નથી તેથી આપણે સદાચરણને કેવળ ઈશ્વરીય બક્ષિસ કહી શકતા નથી અથવા તેનું સાધન એટલું બધું કષ્ટસાધ્ય. પોતાનું ચરિત્ર સુધારવાની કે બગાડવાની શક્તિ મનુષ્યના પોતામાંજ રહેલી છે. ચારિત્ર સહજમાંજ ઘડાય છે અને સહજમાં જ બગડે છે. અનેક વિદ્વાનોનું તો એટલે સુધી માનવું છે કે પ્રત્યેક મનુષ્ય સ્વભાવથી જ સદાચારી તેમજ સુકર્મીજ હોય છે, દુરાચારી અને કુકર્મી બનવા માટે તો તેને પોતાના આત્મા તેમજ પ્રવૃત્તિ ઉપર ખરાબ રીતે શકિત વાપરવી પડે છે. તેની સાથે બલપ્રયોગ કરવો પડે છે, અને મહાકષ્ટ તથા પરિશ્રમ વડે તેને કુમાર્ગની તરફ પ્રવૃત્તિ કરવી પડે છે. અર્થાત્ સદાચારી થવાની અપેક્ષાએ દુરાચારી થવામાંજ અધિક પ્રયત્નની આવશ્યકતા રહે છે. જો મનુષ્ય જાણીબુજીને અને બલપૂર્વક દુરાચારી બનતો નથી તો ઘણે ભાગે તે સદાચારી જ બને છે. આ પ્રસંગે આપણે કેટલાક આધુનિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈજ્ઞાનિકોને ભૂલવા ન જોઇયે કે જેઓએ અનેક ચોરો, બદમાશો તેમજ દુરાચારીઓની પરીક્ષા કરીને એવો સિદ્ધાંત સ્થિર કર્યો છે કે તેઓના મસ્તિષ્કની બનાવટ જ તેઓને ઘોર અપરાધોની તરફ પ્રવૃત્ત કરે છે અને તેઓની એ વિવશતાના વિચારથી તેઓને સખ્ત શિક્ષા કરવી ઠીક નથી આ સાથે એ વાત પણ ખ્યાલમાં રાખવી જોઇયે કે ઉપરોક્ત સિદ્ધાંત માત્ર ઘોર અપરાધીયો અને દુરાચારીઓના સંબંધમાં જ સ્થિર કરેલો છે, નહિ કે સર્વ સામાન્ય લોકોના સંબંધમાં. લોકોનો મોટો ભાગ તો બીજાઓની દેખાદેખી અને ખરાબ સંગતિમાં પડીનેજ જબરદસ્તીથી દુરાચારી બને છે. દુરાચાર પણ આજકાલની ફેશનનું એક અંગ બની રહ્યું છે. ઘોર અપરાધિઓના સંબંધમાં બીજી ધ્યાનમાં રાખવા યોગ્ય વાત એ પણ છે કે, વૈજ્ઞાનિકોના કથનાનુસાર તેઓના મસ્તિષ્કની ચિકિત્સા કરીને તેઓના અપરાધો અને અનાચારોમાં ન્યૂનતા કરી શકાય છે. પરંતુ બજારમાં ભમતા વાંકાચુંકા, આચારહીન, વાતવાતમાં જુઠું બોલનારા, હરકોઇની સાથે લડી પડનારા, કોઇની ઉપર શ્રદ્ધા-ભક્તિ નહિ રાખનાર, અને કોઇની આજ્ઞા નહિ માનનાર તથા એવાજ પ્રકારના બીજા શિક્ષિત યુવાનોના સંબંધમાં કોઇ પ્રકારની ચિકિત્સાની જરૂરીયાત નથી. એવા લોકો તો જરાવારમાંજ અલ્પ પ્રયત્ન અને અભ્યાસ વડે જ પોતાનું ચારિત્ર સારી રીતે સુધારી શકે છે. પ્રકૃતિએ એવી યોજના રાખી છે કે જો આપણે સંસાર-યાત્રા માટે સન્માર્ગ લેવા ઇચ્છીએ તો તે અત્યંત થોડા પરિશ્રમવડે, પોતાના મન અને વિચાર ઉપર જરા અધિકાર રાખવાથીજ લઇ શકીએ છીએ. પ્રત્યેક મનુષ્ય ઘણી સહેલાઇથી પોતાના સંકુચિત પરિવારથી માંડીને આખા જગત્માં સદ્ભાવોનો પ્રચાર કરી શકે છે; અને લોકોની સમક્ષ આદર્શ સત્કર્મ ઉપસ્થિત કરી શકે છે. સત્ય ભાષણ, દયાપૂર્ણ અને કોમલ વ્યવહાર, શુભ સંકલ્પ, કર્તવ્યનિષ્ટા, દૃઢપ્રતિજ્ઞા, ઇન્દ્રિય-દમન, પરોપકારબુદ્ધિ, અધ્યવસાય, સત્યપ્રિયતા, સુસ્વભાવ, ઉદારતા, પ્રામાણિકતા વિગેરે અનેક એવી નાની નાના બાબતો છે કે જે મનુષ્યના જીવનને ખરેખરૂં સ્વર્ગીય અથવા દિવ્ય બનાવી શકે છે, અને સર્વ રીતે સુખી, સંપન્ન તથા પ્રતિષ્ઠિત બનાવી શકે છે. જે જે શક્તિઓની આપણને બક્ષિસ મળી છે તેનો સદુપયોગ કરવાનું કામ કદિ પણ કઠિન હોઇ શકે જ નહિ. અત્યાર સુધીમાં સંસારની અંદર મહાન્ પુરૂષો ઘણાજ થોડા થયા છે. પરંતુ પોતાના વિવેકની સહાયતાથી શુભાશુભ અને કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરીને સઘળા સદાચારી તો બની શકે છે. આપણે જે સ્થિતિમાં ઉત્પન્ન થયા છીએ, તે સ્થિતિનો સર્વોત્તમ ઉપયોગ કરવો એ આપણા જ અધિકારની વાત છે. સંસારના સઘળાં નાનાં મોટાં કાર્યોમાં અને સાધારણ અવસરોમાં આપણે આપણા સદ્ગુણોનો પરિચય કરાવી શકીએ છીએ. એ રીતે ધીમે ધીમે આપણા સદ્ગુણોનો વિકાસ થતો જશે અને આપણે સહેલાઇથી એક આદર્શ સદાચારી પુરૂષ થઇ શકશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં મનુષ્યને જેટલાં કામ કરવા પડે છે તેમાં સૌથી વધારે આવશ્યક ઉપયોગી અને મહત્વપૂર્ણ આપણું આચરણુ સુધારવાનું કામ છે. પ્રખ્યાત અંગ્રેજ વિદ્વાન્ લેકીનું એવું માનવું છે કે એ કામને માટે પ્રત્યેક મનુષ્યે ઘણીજ શાંતિ અને ધ્યાનપૂર્વક પોતાના સ્વભાવ તથા મનોવૃત્તિઓનું નિરીક્ષણુ કરવું જોઇએ. પ્રત્યેક મનુષ્યમાં પોતાની ઉન્નતિ કરવાની શકિત રહેલ છે; પરંતુ સાધારણુ રીતે લોકોને પોતાની એ શક્તિનો ખ્યાલ જ નથી હોતો, અથવા તેઓ તે તરફ ધ્યાન જ નથી આપતા; અને તેથી કરીને તેઓ હમેશાં પોતાની જાતને અયોગ્ય અને અસમર્થ સમજીને નિરાશાપૂર્ણ જીવન વ્યતીત કરે છે. આવા પ્રકારનો વિચાર ઘણોજ હાનિકારક અને ઘાતક છે. કદીપણુ કોઇ મનુષ્યે એમ ન સમજવું જોઈએ કે હું મારા સ્વભાવમાં પરિવર્તન નથી કરી શકતો, અથવા ખરાબ કાર્યો તજીને સારાં કાર્યો નથી કરી શકતો. મનુષ્યનું જીવન શેત્રંજની રમત જેવું છે. સ્વભાવ પરિસ્થિતિ તથા માનસિક, શારીરિક અને નૈતિક શકિતઓ તે રમતની મહોરો છે, જે પ્રત્યેક મનુષ્યને પ્રાયે કરીને સરખીજ મળેલી હોય છે. અથવા કદાચ કોઇને સરખી ન મળી હોય અને તેમાં કંઈ ન્યૂનતા હોય તો કોઈ વિશિષ્ટ ઉપાય અથવા નિયમથી તે ન્યૂનતાની પૂર્તિ કરી શકાય છે, રમનાર યોગ્ય અને કુશળ હશે તો તે મહોરોની સહાય વડે બાજી જીતી લેશે. અને જો અયોગ્ય અથવા અકુશળ હશે તો બાજી હારી જશે.

પોતાનું જીવન સુધારવાની અને સદાચારી બનવાની પ્રધાન કુંચી કર્તવ્ય-પાલન છે, એક વિદ્વાનનું એવું મન્તવ્ય છે કે જે મનુષ્ય પોતાનાં કર્તવ્યનું પાલન કરે છે તે કદિ પણુ દુઃખી રહેતો નથી, જે મનુષ્ય પોતાના કર્તવ્યનું ધ્યાન છોડી દે છે અથવા જાણી બુજીને તેનું પાલન નથી કરતો તે કદી પણુ સન્માર્ગ પર ચાલી શકતો નથી. સદાચાર અને કર્તવ્ય-પાલનનો એટલો બધો ઘનિષ્ટ સંબંધ છે, કે આપણે તે બન્નેને એક બીજાથી પૃથક્ કરી શકતા નથી. જો આપણે સદાચારી બનવા ઇચ્છીએ તો આપણુને કર્તવ્ય-પાલનની આવશ્યકતા છે, તેમજ જો આપણે આપણાં કર્તવ્યોનું પાલન કરતા રહીએ તો આપોઆપ સદાચારી થઇએ છીએ. આપણાં કર્તવ્યોનું જ્ઞાન અને પાલનનો આરંભ એજ સદાચારનું બીજારોપણુ છે, મનુષ્ય પોતાનું કર્તવ્ય પાલન કરવા લાગે છે એટલે સદાચારી બનવા લાગે છે. જેવી રીતે સદાચારની કુંચી કર્તવ્યોનું જ્ઞાન અને પાલન છે તેવી જ રીતે કર્તવ્યોનાં જ્ઞાનની કુંચી આપણું અંતઃકરણુ, મનોદેવતા અથવા વિવેક છે. વિકટમાં વિકટ પ્રસંગે પણુ આપણા કર્તવ્યા-કર્તવ્યનું જ્ઞાન આપણો મનોદેવતાજ કરાવે છે-તે હંમેશાં આપણુને એટલું બતાવે છે કે આપણે કયું કાર્ય કરવું જોઇએ અને કયા માર્ગે ચાલવું જોઇએ. પરંતુ ઘણે ભાગે આપણે જાણી બુજીને અને બલપુર્વક તેના બતાવેલા માર્ગપર ચાલવામાં આનાકાની કરીએ છીએ. અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું કર્તવ્ય છોડી બેસીએ છીએ. આમ કરવું એ આપણને કદી પણ લાભદાયી કે શ્રેયસ્કર નથી થઈ શકતું. જે લોકો પોતાના મનોદેવતાની આજ્ઞા નથી માનતા અને પોતાના કર્તવ્યોનું પાલન નથી કરતા તેઓને માટે દુરાચારી અને કુમાર્ગી બનવું અનિવાર્ય છે; કેમકે એક સમર્થ વિદ્વાનનો અભિપ્રાય છે કે જેઓ શુભ અને શ્રેષ્ઠ કાર્યો તરફ ધ્યાન રાખતા નથી તેઓ ખરાબ અને નિકૃષ્ટ કાર્યો કરવા દોરાઈ જાય છે. ( ચાલુ )

# ગ્રંથાવલોકન

૧ **જૈનતિર્થોનો ઇતિહાસ**—( ચારિત્ર સ્મારક પુ૦ ૯ મું ) લેખક મુનિરાજ **શ્રી જ્ઞાનવિજયજી મહારાજ** તરફથી અમોને સમાલોચનાર્થે ભેટ મળેલ છે. આ ગ્રંથમાં ચાલીશ પ્રાચીન તીર્થોનો સાલ સાથે ઇતિહાસ આપવામાં આવ્યો છે. આ લઘુ ગ્રંથ છતાં ચાલીશ પ્રાચીન તીર્થોની ટુંકામાં ખાસ જાણવા જેવી હકીકત આપવામાં આવેલી હોઇ, એક જૈન ઐતિહાસિક સાહિત્યમાં એક ગ્રંથની વૃદ્ધિ થઇ છે. લેખક મહાત્માનો આ પ્રયત્ન સ્તુત્ય છે. આ ગ્રંથમાં આવેલી તીર્થો સંબંધી હકીકતો ખાસ વાંચવા જેવી છે. પોતાના પૂજ્ય ગુરૂરાજના નામની સીરીઝ તરીકે આવા ગ્રંથો પ્રકટ થાય તે પણ ખરી ગુરૂભક્તિ છે.

૨ **મહાવીર જન્મોત્સવ**—આ ગ્રંથ નાટકરૂપે પદ્યાત્મક લઘુ છતાં તેમાંના કાવ્યો મહાવીર પ્રભુના જન્મોત્સવ હકીકત સાથે હોઇ તેની રચના ભાવવાહી અને સુંદર છે. ખાસ વાંચવા જેવા છે. ઉપર પ્રમાણે સ્વ૦ ગુરૂરાજના સ્મારકના પુ૦ ૨ તરીકે તેઓશ્રીના શિષ્ય **મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે** ગુરૂભક્તિ માટે જ રચના કરેલી છે.

૩ **શ્રી આદિનાથ શકુનાવલી**—આ એક જૈન સામુદ્રિક ગ્રંથ છે. શકુનાવલી સાથે અંકરમલ લગ્નપ્રશ્નનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જૈન સાહિત્યમાં આવા આવા ગ્રંથો અનેક છે. જૈન કોમને હજી પોતાનું વિવિધ અખૂટ સાહિત્ય પ્રકટ કરવા કયાં જોઇએ તેવી દરકાર કે લક્ષ છે ? છતાં પણ આવા આવા થોડા થોડા પ્રયત્નો પણ આવકારદાયક છે. આ ગ્રંથના સંપાદક **મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજ** છે. સ્વર્ગવાસી ચારિત્રવિજયજી મહારાજ (કચ્છી) ના સુશિષ્યોનો પોતાના ગુરૂના સ્મારક તરીકે વિવિધ સાહિત્ય થોડે થોડે પ્રસીદ્ધિમાં મુકવાનો સુપ્રયત્ન જૈનસમાજને ઉપકારક છે. આ પુસ્તકના ગ્રંથ કર્તા કોણ છે ? કયારે રચ્યો તે સંબંધી તેમાં કાંઇ હકીકત જણાવેલ નથી માત્ર લી૦ ધર્મ વિ૦ એમ એક મુનિશ્રીનું નામ છે છતાં તે કયારે થયા, કયા સમુદાયમાં હતા તેનો કાંઈ ખુલાસો તેમાં નથી. આ પ્રત અશુદ્ધ છતાં બનતા પ્રયત્ને સંપાદકશ્રીએ શુદ્ધ કરી મૂળ સાથે ભાષાંતર કરી બહાર મુકેલ છે. જૈન સાહિત્યમાં આવા ગ્રંથો હોવા છતાં અને તેનાપર શ્રદ્ધા રાખે તો ભ્રમણા અને અનેક વ્હેમોવડે મનુષ્યના પૈસાનો ગેરવ્યય થતો અટકે એમ અમારૂં માનવું છે. ગ્રંથ ખાસ ઉપયોગી અને પઠન પાઠન કરવા જેવો છે. સંપાદક મહારાજશ્રીએ સારો પ્રયત્ન કરેલો છે. ( ચા૦ સિ૦ પુ૦ ૬–૭–૮ )

૪ **પૂજા સંગ્રહ**—**મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજ** ( ચા૦ સિ૦ નાં.૪ ) આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુક પ્રભાસપાટણ (કાઠિયાવાડ)ના હસ્ત લિખિત ભંડારમાંથી નવી પદ્ધતિથી લખાયેલ અપ્રસિદ્ધ નવપદજીની પૂજાની પ્રત.છે, જેમાં શ્રી યશોવિજયજી કૃત નવપદજી પૂજા અને પાછળની અનુ-પૂર્તિ ઉપાધ્યાયજી મહારાજની શિષ્યપરંપરામાં થયેલા મુનિરાજ શ્રી ઉત્તમવિજયજીની બનાવેલ છે, પ્રથમ રત્નશેખર સૂરિ વિરચિત પ્રાકૃત ગાથા, પછી ઉપાધ્યાયજી મહારાજ કૃત બે ઢાલો અને પાછળ (મુનિરાજ ઉત્તમવિજયજીની કૃતિના પોતાના બનાવેલા દુહા, ઢાળો, દોહરા એવા ક્રમમાં આ પૂજા બનાવેલ છે. જે આ લઘુ ગ્રંથમાં તે કૃતિ બંને આવેલ છે. સંપાદક મહાત્માની કૃતિની અષ્ટ પ્રકારી પૂજા અને પરમાત્માના સ્તવનો અને ગહુંલીઓ આપી આ ગ્રંથને ઉપયોગી બનાવ્યો છે. મળવાનું ઠેકાણું—જૈન જ્ઞાનવર્ધક શાળા વેરાવળ.

**કુમારીકાને પત્રો**—નામની લઘુ બુક એક માતાએ પોતાની કુમારિકાને લખેલા પત્રોનો સંગ્રહ છે. પોતાની પુત્રીને પત્રદ્વારા બોધ આપવાનો આ પ્રયત્ન તે માતાનો હોય તેમ જણાય છે, જેથી તે અનુકરણીય છે. આ પત્રો બાલીકાઓને વંચાવવા અને સમજાવવા જેવા છે. સંપાદકનો આ પ્રયત્ન પણ યોગ્ય છે. **પ્રયોજક અને પ્રકાશક માવજી દામજી શાહ. કામાલાઇન ( થાણા ) ઘાટકોપર.**

**શ્રી જૈન શ્વેતાંબર તીર્થ કમીટી**—હસ્તિનાપુરનો વીર સંવત્ ૨૪૫૦ નો રીપોર્ટ તેમના મંત્રી બાબુ ગોપીચંદજી બી. એ. અંબાલા તરફથી મળ્યો છે. ઉત્તરહિંદ અને પંજાબના જુદા જુદા ગૃહસ્થોની બનેલી એક કાર્યવાહક કમિટીથી આ તીર્થનો વહીવટ ચલાવવામાં આવે છે. દરવર્ષ કમિટી ચુંટાય છે. આ તીર્થપર એક પુસ્તકાલય યાત્રીઓના વાંચન માટે છે. આવક જાવક ખર્ચ વગેરે આ રીપોર્ટમાં સ્ફૂટ જણાવેલ છે. કાર્યવાહક કમિટી લાગણી પૂર્વક ખંતથી વહીવટ કરે છે. હિસાબ બરાબર છે. દરેક જૈન બંધુઓને આર્થિક સહાય આપવા ભલામણ કરીએ છીએ. અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

**શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી અંબાલા**—પંજાબનો સને ૧૯૨૪નો રીપોર્ટ મળ્યો છે. તેના પ્રમુખ બાબુ ગોપીચંદજી બી. એ વકીલ અંબાલા અને મંત્રી બાબુ ચિરંજીલાલ છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જૈનધર્મનું સર્વત્ર જ્ઞાન ફેલાવવાનો હોઈ અનેક નાના ઉપયોગી ગ્રંથો હિંદીભાષામાં પ્રગટ કરેલ છે આ સાલમાં સાત બુકો પ્રગટ કરેલ છે. કુલ ૭૨ બુકો અત્યાર સુધીમાં પ્રગટ કરી જૈન સાહિત્યનો ફેલાવો કર્યો છે. આ સંસ્થા પાસે સ્થાયીફંડ નહીં છતાં સાહિત્ય પ્રચારનો પ્રયત્ન સ્તુત્ય છે. આર્થિક સહાય આપવાની દરેક જૈન બંધુને સુચના કરીયે છીયે. હિસાબ બરાબર છે અને ઉત્સાહ, ખંત અને લાગણી પૂર્વક કમિટી કાર્ય કરે છે અમો તેની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

**દેવવિનોદ, મલયાસુંદરી કથા તથા યોગશાસ્ત્ર ભાષાંતર શ્રી વિજયકમળ કેશર ગ્રંથમાળા**ના ત્રીજા, ચોથા અને પાંચમાં પુષ્પ તરીકે ત્રણ ગ્રંથો અમોને ભેટ મળ્યા છે.

૧ **દેવવિનોદ** તેના રચયિતા **પંન્યાસજી દેવવિજયજી** મહારાજ છે, જેમાં ૩૭ જુદા જુદા ગદ્ય પદ્યમાં વિષયો આપી અનેક બાબતોનો સમાવેશ કરેલ છે. તેના કર્ત્તા મહાશયજીના હૃદયમાં ઉલ્લાસ થતાં જે વિષયો આનંદ ઉપજાવનારા લાગ્યા તેનો સંગ્રહ આ બુકમાં કરેલો છે, જેમાં ઘણી બાબતો નવીન જાણવા યોગ્ય છે. તેમાં સ્વર્ગવાસી ગુરૂરાજનો ફોટો આપી ગુરૂ ભક્તિ પણ દર્શાવી છે. આવા ગ્રંથો પડત કે તેથી ઓછી કિંમતે આપવામાં આવે તો વધારે પ્રચા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ થવા સાથે મનુષ્યો વધારે લાભ લે; અમે તેવી નમ્ર સુચના હવે પછી પ્રકટ થતાં ગ્રંથો માટે કરીયે છીયે. પ્રયાસ ઉપકારક છે. કિંમત રૂ ૧-૦-૦

૨ **મલયસુંદરી કથા** આ ગ્રંથનું ભાષાંતર સરલ અને સાદી ભાષામાં પન્યાસજી **શ્રી કેશરવિજયજી** મહારાજે કર્યું છે આ ચરિત્ર ઘણુંજ રસિક અને વાંચવા યોગ્ય છે. આ તેની ચોથી આવૃતિ હોવાથી તેની ઉપયોગિતા કેટલી છે તે સહજ દેખાય તેમ છે કિંમત રૂ ૧-૪-૦

૩ **યોગશાસ્ત્રભાષાંતર** શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કૃત યોગશાસ્ત્રનું ભાષાંતર પંન્યાસજી શ્રી કેશરવિજયજી મહારાજે શુદ્ધ રીતે કર્યું છે. આ ગ્રંથમાં ભાષાંતર અને મૂળ શ્લોકો બંને આપેલા છે. મૂળ ગ્રંથ કર્ત્તા શ્રી હેમચંદ્ર મહારાજનું જીવન વૃતાંત બંધુ મોહનલાલ દલીચંદ પાસે ટુંકામાં લખાવી આમાં આપેલ છે. આ ગ્રંથ પઠન-પાઠન માટે ઘણોજ ઉપયોગી અને ઉપકારક છે દરેક મનુષ્યે અવશ્ય વાંચવા યોગ્ય છે, કિંમત રૂ ૨-૦-૦

**તત્વાખ્યાન** ( ઉત્તરાર્ધ )—લેખક ન્યાયતીર્થ ઉપાધ્યાયજી **શ્રી મંગલવિજયજી મહારાજ.** પ્રકાશક ફુલચંદજી બેદ શ્રી યશોવિજયજી ગ્રંથમાળાના સેક્રેટરી—ભાવનગર. ષડદર્શનનાં સ્વરૂપને જણાવનાર ગ્રંથનો આ બીજો વિભાગ છે. પ્રથમ વિભાગમાં સાંખ્ય, બૌદ્ધ, નૈયાયિક અને વૈશેષક એ દર્શનો સંબંધી હકીકત આવેલી હોવાથી આ ઉતરાર્ધમાં મીમાંસક અને જૈન દર્શન સંબંધી માહિતી આપવામાં આવી છે. જૈન દર્શન સંબંધી આ ગ્રંથમાં પ્રસ્તાવ ૧૬ માં થી વિવેચન શરૂ થાય છે. જૈન દશન એકનુંજ ૪૪૮ પાનામાં અને બાકીના લગભગ તેટલાજ પૃષ્ટમાં બીજા તમામ દર્શનોનો સમાવેશ કરેલ છે તે જોતાં જૈન દર્શન સંબંધી ઘણી વિસ્તાર પૂર્વક, જૈન દર્શન સ્વરૂપ જાણવાના જિજ્ઞાસુ માટે ઘણીજ ઉપયોગી માહિતી વિદ્વત્તાપૂર્ણ આપવામાં આવી છે. જે ખાસ વાંચવા જેવી છે. ષડ્દર્શન સમુચ્ચયનું ભાષાંતર એક જૈનેતર અને જૈન ધર્મ સંબંધી બીલકુલ જ્ઞાન નહિં ધરાવનાર વિદ્વાન પુરૂષ મણિલાલ નભુભાઇને હાથે ભાષાંતર થતાં તે કેટલું અશુદ્ધ અને ભૂલ ભરેલું છે તે તેના વાચક વર્ગ સારી પેઠે જાણે છે. જ્યારે આ ગ્રંથના લેખક મહાત્માએ છ દર્શનનું સ્વરૂપ સવિસ્તર શુદ્ધ અને નિર્દોષ આપી જૈન અને જૈનેતર કોઇ પણ દર્શનકાર ઉપર ઉપકાર કરેલ છે. ઇતર દર્શનો માટે તે તે દર્શનના માનનીય ગ્રંથોના આધારો આપવામાં આવેલા હોવાથીજ આ ષડદર્શનના સ્વરૂપને જણાવનારો ગ્રંથ યથાર્થ લખાયેલ છે એમ નિઃસંદેહ કહેવું પડે છે. ખંડનાત્મક શૈલીને બદલે માધ્યસ્થ વૃત્તિથી ઇતર દર્શનનું સ્વરૂપ લખાયેલું છે, તે જોઇ ખુશી થવા જેવું છે. એકંદર રીતે આ ગ્રંથ ખરેખર ઉપકારક અને દર્શન સ્વરૂપ જાણનારા માટે એક ખરેખરો ઉપયોગી જરૂરીયાત પુરી પડેલી છે એમ અમો ખાત્રીપૂર્વક જણાવીયે છીયે. કિંમત રૂા ૩-૦-૦ પ્રકાશકને ત્યાં બંને ભાગ મળશે.

**શ્રાદ્ધગુણ વિવરણ ભાગ ૫ તથા ૬ ઠ્ઠો** શ્રી અંબાલા-પંજાબ શ્રી આત્માનંદ જૈન ટ્રેકટસોસાઇટી તરફથી મળેલ છે. શ્રાવકોપયોગી આ હિંદિ ભાષામાં લખાયેલો ગ્રંથ તે ભાષાના જાણકાર માટે આવશ્યક છે. ભાષાંતર પણ શુદ્ધ છે. પ્રકટ કર્ત્તાને ત્યાંથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નવપદજીની પૂજા (અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત.)

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાએ એક કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા,** અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રકટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તથા શ્રી નવપદજીનો યંત્ર કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજી પૂજાઓ દાખલ કરેલ છે. ઉંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે. કિંમત રૂા. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

પૃષ્ટ ૫૫૦

## શ્રી દાનપ્રદીપ ભાષાંતર.

કિંમત રૂ. ત્રણ

ધર્મના ચાર પ્રકાર–દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ તે મુખ્ય છે.

આ દાનધર્મનાં ભેદો, તેનું વિસ્તારયુક્ત વર્ણન, તેના વિશેષ ભેદો અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન્ પુરૂષોનાં વીશ અદ્‌ભૂત ચરિત્રો, કથાઓ અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારિક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે. સુશોભિત રેશમી કપડાના પાકું બાઇડીંગ કરાવી તૈયાર કરેલ છે.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં–લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ. કિં. ૩–૦–૦ પોસ્ટેજ અલગ.

જલદી મંગાવો ! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો !

## શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહાભારત–પાંડવ કૌરવનું વર્ણન, અતૂલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્‌ભૂત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્‌ભૂત જીવન વૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર સુંદર ટાઇપ, સુશોભિત બાઈડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભામાં લાઇફ મેમ્બર થનાર બંધુઓને કેવા કેવા ઉત્તમોત્તમ ગ્રંથો ભેટ મળ્યા છે અને મળે છે તે ધર્મજીજ્ઞાસુ, સાહિત્યરસિક કોઇપણ જૈનબંધુ માટે ખાસ જાણવા જેવું છે. એકી વખતે માત્ર રૂ. ૧૦૦) કે રૂ. ૫૦) આપી પહેલા કે બીજા વર્ગના લાઇફ મેમ્બર થતાં દર વર્ષે ભેટના અપાતા ગ્રંથોનો આર્થિક દૃષ્ટિએ પણ મોટો લાભ મળે છે. એ અત્યાર સુધીમાં થયેલ સભાસદ બંધુઓ સારી રીતે જાણે છે. બીજાઓએ જ્યારે લડાઇ પહેલાંના છપયેલા ગ્રંથોની કિંમત વધારી છે, તેમજ હાલ પણ છપાતા પુસ્તકોની ગમેતેટલી વધારે કિંમત રાખે છે ત્યારે આ સભાએ સાહિત્ય પ્રચાર અને સસ્તું સાહિત્ય કરવાના ઇરાદાથી સીરીઝ સિવાયના ગ્રંથો મુદ્દલ કિંમતે, આપવાનો આ સભાએ ઠરાવ કરેલ છે. જેથી સો રૂપીયા આપી પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને કોઇપણ કિંમતના ગ્રંથો ભેટ મળેજ છે, પરંતુ પચાસ રૂપીયા આપી બીજા વર્ગના લાઇફ મેમ્બરોને બે રૂપીયાની કિંમત સુધીના કોઇપણ ગ્રંથ ભેટ અને વધારે કિંમતના હોય તો બે રૂપીયા મજરે આપતાં ઉપરોકત જણાવ્યા પ્રમાણે મુદ્દલ અને મુદ્દલથી અડધી કિંમતે ગ્રંથોની રાખવાનો સભાનો ઠરાવ થતાં બીજાઓ કરતાં એ દૃષ્ટિએ આ સભામાં લાઇફ મેમ્બર થનારને ઘણો સારો ગ્રંથનો લાભ મળે છે; માત્ર સીરીઝના ગ્રંથોની કિંમત ( તે ગ્રંથોની ચારસો કોપી ) લાઇફ મેમ્બરો તથા અમુક સંસ્થાને બદલે પણ ભેટ જતી હોવાથી, સીરીઝના રૂપીયા આપનાર ગૃહસ્થની મૂળ અનામત રકમ કાયમ રાખવાનો ધારો અને શરત હોવાથી તે માત્ર સીરીઝના ગ્રંથો પ્રકટ થાય તેની બાકી રહેતી છસો કોપીના પુરતા નાણાં અનામત એકઠા કરવાના હોવાથી માત્ર મુદ્દલથી કિંમત સહજ ( નાણાં પુરા થતાં પુરતી ) વધારો રાખવો પડે છે. જેથી બીજા ગ્રંથો મુદ્દલ અને મુદ્દલથી અડધી કિંમતે અપાતાં એકંદર આ સભામાં લાઇફ મેમ્બર થનારને ઉત્તમોત્તમ લાભ થાય છે.

આ સભામાં હવે પછી લાઇફ મેમ્બર કોઇપણ જૈન બંધુ થાય તેમને તે લાભ જણાવવા આટલી હકીકત જણાવેલ છે.

નીચેના ગ્રંથો આ વખતે ભેટ આપવાના છે—

| | | |
|---|---|---|
| ૧ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો. | ૨-૮-૦ |
| ૨ | શ્રી દાનપ્રદીપ. | ૩-૦-૦ |
| ૩ | શ્રી નવપદજી મહારાજની પૂજા, અર્થ, નોટ, યંત્ર, મંડલ સહિત. | ૧-૪-૦ |

ઉપરના ત્રણે ગ્રંથો ધારા પ્રમાણે બહારગામના અમારા માનવંતા લાઇફ મેમ્બરોને શ્રાવણ શુદ ૫ થી પોસ્ટેજ સાથે વી૦ પી૦ કરી ભેટ મોકલવામાં આવશે જેથી સ્વીકારી આભારી કરશો અને તે ગ્રંથો સંપૂર્ણ વાંચી તેમાંથી આત્મિક લાભ મેળવશો. અત્રેના લાઇફ મેમ્બરોએ મહેરબાની કરી મંગાવી લેવા તસ્દી લેવી.

For Private And Personal Use Only